કિંમત ₹ ૫/-
સળંગ અંક ૭૧ - માર્ચ - ૨૦૧૩

# શ્રી સ્વામિનારાયણ

માસિક
પ્રકાશન:- દર માસની ૧૧ તારીખે




## શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરાનો પંચમ્ પાટોત્સવ



પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ - ૩૮૦૦૦૧
















૧.અમદાવાદ જામફળ વાડી શ્રી સ્વામિનારાયણ મંદિર મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે સભામાં આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી
૨. શ્રી સ્વામિનારાયણ મંદિર વિહાર ના પાટોત્સવ પ્રસંગે સભામાં આશાર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પૂ. મહારાજશ્રીની આરતી ઉતારતા યજમાન પરિવાર. ૩. શ્રી સ્વામિનારાયણ મંદિર - ઘનશ્યામનગર - ધનાળા (મૂળીદેશ) મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે અન્નકૂટ આરતી ઉતારતા અને શોભાયાત્રામાં દર્શન આપતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી ૪. જસાપર ગામ (મૂળી દેશ)ના કલાત્મક પ્રવેશદ્વારનું ઉદ્‌ઘાટન કરતા પ.પૂ. મહારાજશ્રી સાથે દાતા રમેશભાઈ પટેલ. ૫. સુરેન્દ્રનગર મંદિરમાં કથા પ્રસંગે પ.પૂ.મોટા મહારાજશ્રીનું પૂજન કરતાં યજમાન શ્રી હરિકૃષ્ણભાઈ ગાંધી.



# શ્રી સ્વામિનારાયણ


શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર

વર્ષ - ૬ ● અંક : ૭૧

માર્ચ-૨૦૧૩





**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૫ |
| ૦૩. | ભગવાને થાંભલાને બાથ ભરી | ૦૬ |
| ૦૪. | ભગવાન કે ભગવાનનાં સંતની સેવાથી ભૂંડા પ્રારબ્ધ રૂડા થાય છે | ૦૮ |
| ૦૫. | તે જે તે | ૦૯ |
| ૦૬. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૦ |
| ૦૭. | સત્સંગ બાલવાટિકા | ૧૨ |
| ૦૮. | ભક્તિ સુધા | ૧૫ |
| ૦૯. | આનંદની હેલી | ૨૩ |
| ૧૦. | પ્રશ્ન પેટી | ૨૪ |
| ૧૧. | સત્સંગ સમાચાર | ૨૫ |



**લવાજમ** - વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● વંશ પરંપરાગત દેશમાં રૂા. ૫૦૧-૦૦ ● વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦

# ॥ અસ્મદીયમ્ ॥

"અમે વારે વારે શ્રીનરનારાયણ દેવનું મુખ્યપણું લાવીએ છીએ, તેનું તો એ જ હારદ છે જે, શ્રીકૃષ્ણ પુરુષોત્તમઅક્ષરધામના ધામી જે શ્રીનરનારાયણ તે જ આ સભામાં નિત્ય વિરાજે છે, તે સારુ મુખ્યપણું લાવીએ છીએ અને તે સારુ અમે અમારું રૂપ જાણીને લાખો રૂપિયાનું ખરચ કરીને શિખરબંધ મંદિર શ્રી અમદાવાદમાં કરાવીને શ્રીનરનારાયણની મૂર્તિયું પ્રથમ પધરાવી છે. અને એ શ્રીનરનારાયણ તો અનંત બ્રહ્માંડના રાજા છે અને તેમાં પણ આ જે ભરતખંડ તેના તો વિશેષ રાજા છે. અને પ્રત્યક્ષ શ્રીનરનારાયણ તેને મેલીને આ ભરતખંડના મનુષ્ય બીજા દેવને ભજે છે, તે તો જેમ વ્યભિચારિણી સ્ત્રીયું હોય તે પોતાના ધણીને મેલીને બીજા જારને ભજે તેમ છે. અને શ્રીનરનારાયણ ભરતખંડના રાજા છે, તે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે. અને અમે આ સંત સહિત જીવુંના કલ્યાણને અર્થે પ્રગટ થયા છીએ, તે માટે તમે જો અમારું વચન માનશો તો અમે જે ધામમાંથી આવ્યા છીએ તે ધામમાં તમને સર્વેને તેડી જાશું અને તમે પણ એમ જાણજો જે, અમારું કલ્યાણ થઈ ચૂક્યું છે. અને વળી અમારો દૃઢ વિશ્વાસ રાખશો ને કહીએ તેમ કરશો તો તમને મહા કષ્ટ કોઈક આવી પડશે તેથી અથવા સાત દકાલી જેવું પડશે તે થકી રક્ષા કરશું. અને કોઈ ઊગર્યાનો આરો ન હોય એવું કષ્ટ આવી પડશે તોય પણ રક્ષા કરશું. જો અમારા સત્સંગના ધર્મ બહુ રીતે કરીને પાળશો તો ને, સત્સંગ રાખશો તો અને નહિ રાખો તો મહાદુઃખ પામશો, તેમાં અમારે લેણાદેણા નથી. (વચનામૃત જેતલપુર-૫)

વ્હાલા શ્રીહરિના આશ્રિત સમસ્ત હરિભક્તોએ શ્રીજી મહારાજના આ વચનામૃતને જીવમાં ઉતારવું. આ આજ્ઞા શિરોમાન્ય માનવી તેમાંજ આપણું કલ્યાણ શ્રેય અને મોક્ષ છે. આથી વિશેષ કાંઈ કહેવું નથી.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



(ફેબ્રુઆરી-૨૦૧૩)

૧. શ્રી સ્વામિનારાયણ મંદિર હળવદ (ઘનશ્યામનગર) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૨. શ્રી સ્વામિનારાયણ મંદિર કુહા શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૩. શ્રી સ્વામિનારાયણ મંદિર દહેગામ શાકોત્સવ પ્રસંગે પધરામણી.
શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરા દ્વારા આયોજીત શાકોત્સવ પ્રસંગે પધરામણી, ઉમિયા કેમ્પસ-સોલા.

૭. શ્રી સ્વામિનારાયણ મંદિર રામોલ જામફળવાડી મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી,

૮ થી ૧૨ શ્રી સ્વામિનારાયણ મંદિર નાઈરોબી (તાબાનું) ભૂમિ પૂજન પ્રસંગે પધરામણી.

૧૩. શ્રી સ્વામિનારાયણ મંદિર ઉમરડા (મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વસંત પંચમી પાટોત્સવ અને સમૈયા પ્રસંગે પધરામણી.

૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ઉવારસદ પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૭. શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા કથા પ્રસંગે પધરામણી.

૧૮. શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા પાટોત્સવ અને સ.ગુ. ગોપાળાનંદ સ્વામીની ૨૨૫ મી જન્મ જયંતી પ્રસંગે પધરામણી.

૧૯. શ્રી સ્વામિનારાયણ મંદિર બોરણા (મૂળી દેશ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૦. શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણપુરા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૧. સિંગાલી ગામે કથા પ્રસંગે પધરામણી.

૨૨. શ્રી સ્વામિનારાયણ મંદિર માધવગઢ (પ્રાંતિજ) પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૩. શ્રી સ્વામિનારાયણ મંદિર પાટડી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૪. શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરા શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૨૬. હળવદ ગામે મિનરલ વોટર ફેકટરીના ઉદ્‌ઘાટન પ્રસંગે પધરામણી.

૨૭. શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૮. શ્રી સ્વામિનારાયણ મંદિર લીંબડી પાટોત્સવ પ્રસંગે પધરામણી.

## પ.પૂ. ભાવિ આચાર્ય ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

(ફેબ્રુઆરી-૨૦૧૩)



૩. શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૯. શ્રી સ્વામિનારાયણ મંદિર વરસોડા પધરામણી.

૧૫. શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી વસંત પંચમીના સમૈયા પ્રસંગે પધરામણી.

૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડા પધરામણી.

૨૪. શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરા શાકોત્સવ પ્રસંગે પધરામણી.

# ભગવાને થાંભલાને બાથ ભરી

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

વિશ્વમાં સંપ્રદાયનું સર્વ પ્રથમ શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ ની આજ્ઞાથી શિલ્પ શાસ્ત્રના પંડિત સદ્ગુરુ વર્ય આનંદાનંદ સ્વામી મંદિરનું નિર્માણ કરી રહ્યા હતા. સ્વયં શ્રીહરિ પાંચસો પરમહંસો સહિત માથે પથ્થરો ઉપાડીને પ્રસાદીના પથ્થરો ગોઠવતા હતા. ગામડે ગામડેથી હરિભક્તો ગાડા લઈ લઈને ઝાલાવાડ અને સાબરકાંઠાની ખાંણોમાંથી પથ્થરો ભરી લાવવાની સેવા કરતા હતા. જેને જેવો સમય અને શ્રધ્ધાની સાનુકુળતા મુજબ સેવા આપતા. આવા સેવાભાવી હરિભક્તોને શ્રીહરિ ક્યારેક ચરણારવિંદ આપતા અને બાથમાં લઈને ભેટતા.



એવા એક એકાંતિક ઉત્તમ સેવાભાવી હરિભક્ત ગામ નાનાઅંકેવાળીયાના જીવાભાઈ વિરુગામા પટેલ જ્યારથી મંદિરનું કામ શરૂ થયું ત્યારથી ઘરનું કામ છોડીને પોતાના ગાડા-બળદ લઈ ધ્રાંગધ્રાની ખાણમાંથી થાંભલા-પાટ થાય એવા ભારેભારે પથ્થરો ગાડામાં ભરીને અમદાવાદ લાવતા. એક પછી એક એમ પંદરથી વધારે વખત ગાડાના ફેરા કર્યા. એકવાર થાંભલાનો પથ્થર ભરીને અમદાવાદ આવી રહ્યા હતા ત્યારે ઉનાળાની અસહ્ય ગરમી તપી રહી હતી. રસ્તામાં આવતા સત્સંગીઓના ગામોમાં વિસામો ખાતા આગળ વધી રહ્યા હતા ત્યારે વચ્ચમાં વિરમગામથી થોડાજ નજીકના કાંકરાવાડી ગામની સીમ પસાર કરતા હતા તેવામાં એક બળદનો પગ ભાંગી જતાં આગળ ચાલવા સમર્થ થયો નહિ. ત્યારે કાંકરાવાડી ગામે બળદને આરામ આપવાની ફરજ પડી. બે થી ત્રણ મહિના પહેલાં બળદ સાજો થવાની શક્યતા ન હતી. તેથી તેની સાથે બીજા માગેલા બળદને ગાડામાં જોડવાનો પ્રયાસ કર્યો પણ ખેડૂત હોય તેને ખબર હશે કે બળદમાં ડાબા-જમણાની જોડી હોય તેમાં કજોડું ચાલે નહિ. તેવા કારણથી બીજો બળદ ગાડું ખેંચવાં સફળ ન થયો. ત્યારે સહજાનંદી સિંહ નાના અંકેવાળીયાના જીવા ભગત આ ગાડામાં રહેલો થાંભલાનો પથ્થર અમદાવાદ પહોંચવો ખૂબજ જરૂરી હતો, કેમ કે થાંભલા વિના આગળનું કામ થંભી ગયું હતું. આનંદાનંદ સ્વામીના ઉપરા ઉપરી સમાચાર આવતા હતા કે થાંભલાના પથ્થરોની બહુજ જરૂર છે તેથી આ પથ્થરને જલ્દી પહોંચાડવાની જીવા ભગતને હોંશ હતી. તેથી એક બળદની સાથે બીજી તરફ જીવા ભગત ગાડું ખેંચવા લાગ્યા. થોડીવાર ચાલે અને થોડો વિસામો ખાય. ખાડા ટેકરા વાળા તેમજ રેતી વાળા રસ્તાઓમાંથી ગાડાને આગળ લઈ જઈ રહ્યાં હતા. સ્વામિનારાયણ સ્વામિનારાયણ મુખે જોરથી જપતા જાય અને ગાડું ખેંચતા જાય. રસ્તામાં આવતા ગામોના લોકો જોવા આવતા. તેમાં કોઈને દયા આવે તો પોતાનો બળદ આપવાની વાત કરે, કોઈ ગાડાને ધક્કો લગાવે. એમ કરતાં કરતાં અમદાવાદ નજીક આવતું ગયું. શ્રીહરિના બળથી ગાડું જ્યારે આગળ વધી રહ્યું હતું. એટલે એમને બીજો બળદ લેવાની ઈચ્છા પણ ન થઈ. સંપ્રદાયનું પ્રથમ મંદિર બને છે તેમાં કેવો ભારે ઉત્સાહ હોય તેથી જીવા ભગતે ગણત્રીના દિવસોમાં જ કાંકરાવાડીથી અમદાવાદ સુધીનો પંથ ગાડું ખેંચીને નિર્વિઘ્ને થાંભલાનો પાણો આવી પહોંચતાં પાંચ ગાઉ આગળ સદ્ગુરુ આનંદાનંદ સ્વામી આવા ભક્ત જીવાભક્તનાં દર્શન કરવા સામા ગયા.

ગાડું મંદિરે પહોંચતાં જીવા ભક્તે કહ્યું કે આ ગાડું તો શ્રીજી મહારાજ ખેંચી લાવ્યા છે. હું તો ખાલી તેમના ભેગો ભેગો ચાલતો હતો. એમ કહીને ભક્તે સેવાને નિર્ગુણ કરી દીધી. આનંદાનંદ સ્વામીએ આ પથ્થરને ખૂબજ સાચવીને થાંભલો ઘડાવ્યો અને મંદિરના પ્રથમ શિખરના ઘુમ્મટમાં શિલ્પ શાસ્ત્ર મુજબ જ્યાં પ્રથમ થાંભલો મુકવામાં આવે છે

તે ઈશાન ખૂણામાં અત્યારે હાલ રાધાકૃષ્ણદેવની સામે આ થાંભલાને મુકવામાં આવ્યો છે.

શ્રીજી મહારાજ શ્રી નરનારાયણદેવની બાથમાં લઈને સ્વહસ્તે પ્રતિષ્ઠા કરી સર્વ પ્રથમ ઉંબરા પર બેઠા અને પછી બહાર પધારીને થાંભલાને કેટલીય વાર સુધી બાથ ભરીને મસ્તક ટેકવીને જીવા ભક્તને યાદ કરીને આંખમાં જળજળીયાં ભરાઈ આવ્યા. અને પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, જે કોઈ ભક્ત આ થાંભલાના દર્શન કરશે તેને શ્રી નરનારાયણદેવનાં દર્શન તુલ્ય ફળ મળશે. ક્યારેક દર્શન બંધ હોય ત્યારે થાંભલાનાં દર્શન કરીને જતો રહેશે તો તેને પણ શ્રી નરનારાયણદેવનાં દર્શન થયાં જાણવું. આ થાંભલાનો જે કોઈ સ્પર્શ કરશે તેના જન્મોજન્મના પાપ બળીને ભસ્મ થઈ જશે. તે માણસ ત્રિવિધ તાપથી મુક્ત થશે. આ થાંભલાનો અજાણતા પણ સ્પર્શ કરશે તેને યમદૂતનું તેડુ નહિ. એમ વારંવાર થાંભલાનો મહિમા કહ્યો.

ત્યાર પછી શ્રીજી મહારાજ અમદાવાદમાં નરનારાયણ દેવનાં દર્શન કરવા પધારે ત્યારે સર્વ પ્રથમ થાંભલાને નિત્ય એકવાર બાથ ભરતા. મોટા મોટા નંદ પંક્તિના સંતો થાંભલાનો સ્પર્શ કરીને દર્શન કરતા. કેટલાક સંતો-હરિભક્તો દંડવત પ્રણામ કરતા. આદિ આચાર્ય પ્રવર પ.પૂ. અયોધ્યાપ્રસાદજી મહારાજ થાંભલાના નિત્ય દર્શન કરતા. અમદાવાદ મંદિરના બધાજ પથ્થરોને શ્રીહરિ અને નંદ સંતો અને એકાંતિક મુક્તોનો સ્પર્શ થયેલો છે. સુવર્ણથી અધિક કિંમતી પ્રસાદીના પથ્થરો છે. જેને દર્શન કરવા હોય તે જલ્દી કરી આવો. આ થાંભલાને દશ વર્ષ પહેલા ચાંદીથી મઢ્યો છે. અને તે પ્રસાદીનું ગાદું પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી નિર્મિત શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર્શનાર્થે મુકવામાં આવ્યું છે. મ્યુઝિયમની પ્રસાદીની વસ્તુમાં આવી અનેક કથાઓ છુપાયેલી છે.

આ પ્રસંગ અમોએ જીવાભક્તના વંશજ માવજી છગન દેવજી ડાહ્યા ભવાન ગામ-નાના અંકેવાળીયા પાસથી સાંભળ્યો છે. તેઓનું ટ્રેન્ટમાં સગપણ હોવાથી મળ્યા હતા. તેમણે પેઢીઓ જુની નોટમાંથી લખાણ આધારે કહી. જે સત્ય છે.

**ઘનશ્યામનગર (નવા ધનાળા) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વચનમાંથી**

શ્રી નરનારાયણદેવનું નિમિત્ત શોધીને મહારાજ અવની ઉપર અવતર્યા. શ્રી નરનારાયણદેવની મૂર્તિ પોતાની પૂજામાં રાખવી. નવા નાટક કરવા અમને નથી ગમતા. ૨૧૨ શ્લોક રાખીએ છીએ. ૨૧૩ મો શ્લોક નહી. નરનારાયણદેવની મૂર્તિ શ્રીજી મહારાજે બંને દેશનાં હરિભક્તોને રાખવાનું કહ્યું છે. આપણે બધાં માળા કરીએ છીએ. બધા સ્વામિનારાયણ ભગવાનનું ધ્યાન કરે છે. **"અમે પણ એમજ કરીએ છીએ."** એની અવગણના ન થવી જોઈએ. મારો ભગવાન છે તેવો કોઈનો નથી. એવું નહીં માનો તો ભજનમાં સુખ નહી આવે. ઝાલાવાડ દેશમાં શ્રી રાધાકૃષ્ણદેવ પધરાવ્યા છે. દેવ ધર્માદો પણ સારો મળે છે. જે હરિભક્તો પોતાની ઈચ્છાએ આપવા આવે છે. જે દેવના થઈને રહ્યાં છે તે ઘણી મોટી વાત છે. હાલ ભેળ એવી વધી ગઈ છે મન કલ્પિત થઈ ગયા છે. એક દ્રષ્ટાંત છે. એક વેપારી દહીં વેંચવા નીકળ્યો. માટલામાં દહીં ભરેલું હતું. એક ગામથી બીજે ગામ જતો હતો. બપોરનો સમય હતો. તરસ લાગેલી અને બરોબર રસ્તામાં પાણી ભરેલ કૂવો આવ્યો, દહીંનું ભરેલું માટલું ઝાડ નીચે મુકી, કૂવામાં પાણી પીવા પગથીયા વાટે ઉતર્યો. જે ઝાડ નીચે દહીંનું ભરેલું માટલું મુકેલ હતું તેના ઉપર વાંદરા રહેતા હતા, વાંદરા તો ચબરાક જ હોય ને ! માટલામાંથી દહીં પીવાનું ચાલું કર્યું. જેટલું પીવાણું તેટલું પીધું, બીજુ ઢોળી નાખ્યું અને એમ છતાં ત્યાં ઘેટું ઉભેલું હતું તેના મોઢા ઉપર દહીં ચોપડીને વાંદરું ચડી ગયું. દહીંવાળો કૂવામાંથી પાણી પી ને બહાર આવ્યો. દહીંનું માટલું ઉધું પડેલું જોયું. બાજુમાં ઘેટું ઉભેલું, તેના મોઢા ઉપર વાંદરાએ ચોપડેલું દહીં વેપારીએ જોયું, અને બસ પછી તો પૂછે કોને ? ઘેટાંનો વારો ચડી ગયો. માર ઘેટાએ ખાધો. ચોરી બીજાએ કરી. ચોરી કરનાર કોઈ અને માર ખાનાર કોઈ ! **"શ્રીજી મહારાજનો સિદ્ધાંત છે મારો કે તમારો નથી"** આપણે ભગવાનને સર્વોપરી માનતા હોય તો જે ભગવાને કર્યું તે બરોબર છે. ભગવાન ક્યાંય દબાવી જતા નથી. દરેકના ઉપાસ્યદેવ મંદિરમાં પધરાવ્યા છે. દેવની ઉપાસના થાય તે માટે શ્રીજી મહારાજે મદિરોમાં એ પ્રમાણે દેવ પધરાવ્યા છે નહીં કે કોઈથી દબાઈ જઈને. સુંદર મંદિર, શાસ્ત્રો આપણને આપ્યા છે. જેના થઈને આપણે રહીએ એમાં જ આપણે સુખી થઈશું. તેમજ આપણા દીકરા દીકરીઓમાં સમજણ સત્સંગ ઉતરે એ જ અપેક્ષા. નાની-મોટી ક્ષતિ હોય તો ત્યાગ કરીએ, જ્યારે આપણું કરીને બેસીએ ત્યારે દુ:ખ થાય છે. હંમેશા આપણો સત્સંગ દૈદિપ્યમાન રહે એ જ અભ્યર્થના.

(પ્રતિ. અનિલભાઈ દુધરેજીયા)

## ભગવાન કે ભગવાનનાં સંતની સેવાથી

# ભૂંડા પ્રારબ્ધ રૂડા થાય છે

- જયંતીલાલ કે. સોની (મેમનગર)

એક વખતે ગોપાળાનંદ સ્વામી ગઢડેથી બોટાદ ગયા અને ત્યાંથી ભીમનાથ ગયા ત્યાં મહાદેવજીનાં દર્શન કર્યા તે સમયે ત્રીસ સાધુ સારુ ત્રીશ શેર લોટ સદાવ્રતમાંથી મહંતે આપ્યો તે લોટ લઈ ગામ જીંઝર પધાર્યા ને ત્યાંના મંદિરમાં ઉતારો કર્યો. તે વખતે દરબાર ખોડાભાઈ આવીને પગે લાગ્યા અને રસોઈ કરવાનું પૂછ્યું ત્યારે સ્વામી કહે અમે ભીમનાથથી લોટ લેતા આવ્યા છીએ. દાળ હોય તો લાવો. ખોડાભાઈ વ્યવહારે દુર્બળ હતા. અને ઘરમાં તેટલી દાળ નહોતી. તેથી વાણિયાને ત્યાં તલવાર મુકી ત્રણ રૂપિયા લીધા ને કહ્યું જે એક માસમાં રૂપિયા ન આપું તો તલવાર તમારી. તે રૂપિયામાંથી ઘી-ગોળ અને દાળ લઈ મંદિરે આવ્યા. બધો સામાન પુરુષાનંદ સ્વામીને આપ્યો. તેની સાધુએ રસોઈ કરીને ઠાકોરજીને થાળ ધરાવી સૌ સંતો જમ્યા. સાંજે ગોડી-આરતી થઈ રહ્યા પછી ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે સૌ પચીસ પચીસ માળા ફેરવજો. ત્યારે શુક સ્વામી બોલ્યા જે હે, સ્વામી, શાની માળા ફેરવવાની ? ત્યારે સ્વામી કહે કે દરબાર ખોડાભાઈ વ્યવહારે દુર્બળ છે ને ખાવા પૂરતું મળતુ નથી. માટે સૌ માળા ફેરવો તો તે સુખી થાય. ત્યારે શુક સ્વામીએ પૂછ્યું કે દરબાર સત્સંગી તો સારા છે ને વ્યવહારે દુર્બળ કેમ? ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું કે એ દરબાર પૂર્વ જન્મમાં શ્રીજી મહારાજને વર્ણીવેષે મળેલ તે સેવકરામ નામે સાધુ હતા. તેણે તે વખતે શ્રીજી મહારાજ પાસે સેવા કરાવીને શ્રીજી મહારાજને એક પૈસાભાર પણ અન્ન આપ્યું નહિ. તેથી તેને આ જન્મે પૂરું ખાવાનું પણ મળ્યું નહિ. સાંજે સૌ સાધુઓએ પચીસ પચીસ માળા ફેરવી ત્યાર પછી ખોડાભાઈને વ્યવહારે સારુ થયું. એમ જે ભગવાન કે ભગવાનના સંતની સેવા કરીને રાજી કરે તેનાં ભૂંડા પ્રારબ્ધ હોય તે રૂડા થાય છે.

તેવો જ એક બીજો પ્રસંગ છે. એક વખતે મુક્તાનંદ સ્વામી વિચરણમાં એક ખેતરમાંથી પસાર થતા હતા ત્યાં ખેતરના માલિક ખેડૂતને પૂછ્યું કે ભાઈ આ શાનો પાક છે ? ત્યારે કહ્યું કે બાજરીનો. સ્વામીએ પૂછ્યું તે શા કામમાં આવે છે ? ત્યારે પટેલે કહ્યું કે તેના લોટનાં રોટલાં બને અને બાજરીનો પોંક પણ ખાવામાં આવે. સ્વામીએ કહ્યું પોંક અમોને આપશો ? ત્યારે ખેડૂતે સ્વામીને પોંક જમાડ્યો. બસ સ્વામીએ નક્કી કરી લીધું કે આ ખેડૂતનો પોંક જમ્યા છીએ એટલે એ જીવને ભગવાનનું અક્ષરધામ મળે તેવી શુધ્ધ ભાવના સાથે ખેડૂતને પૂછ્યું કે ભાઈ અક્ષરધામ જાવું છે. ત્યારે માયાના બંધનમાં લપટાયેલો જીવ ખેડૂત કહે કે મારે અક્ષરધામ જાવુ નથી. મારે તો મારા કુટુંબ પરિવારની સેવા કરવી છે. વાસના બધ્ધ જીવ હોવાથી એ ખેડૂત બીજા જન્મે બળદનો જન્મ લઈ પોતના દીકરાનાં ખેતરમાં જ મજૂરીએ જોડાયો. ત્યાં પણ આવા દયાળુ સંત પહોંચી ગયા અને બળદનાં દેહમાં રહેલા જીવને પૂછ્યું કે ડોશા હવે અક્ષરધામ આવવું છે. ત્યારે પણ બળદના દેહમાં રહેલ ખેડૂતે કહ્યું કે અહિ મારા દીકરાનું ખેતર મારા વિના આવું સુંદર મજાનું ખેડ કોણ કરે. માટે મારે ધામમાં આવવું નથી. ત્યાર બાદ બળદનું મૃત્યુ થયું અને કૂતરાના દેહમાં જન્મ મળ્યો તો પણ પોતાના દીકરાના ઘર-ખેતરમાં બારણામાં બેસી ચોકી કરે કે અન્ય કોઈ મારા દીકરાના ઘરમાં કે ખેતરમાં નુકસાન ન કરે. ત્યાં પણ આવા દયાળુ સંતે દયા દાખવી. કૂતરાના દેહમાં રહેલા ખેડૂતને પૂછ્યું કે ભાઈ હવે અક્ષરધામમાં આવવું છે ? ત્યારે પણ કૂતરાએ કહ્યું કે આતો મારા દીકરાના ઘર અને ખેતર છે તેને સાચવવાનું હું કામ કરું છું. હું ન સાચવું તો દીકરાના ઘર-બાર લૂંટાઈ જાય. માટે મારે અત્યારે ધામમાં આવવું નથી. કૂતરાનું મૃત્યુ થયું. ત્યારબાદ એ ખેડૂતને કાળા નાગનો દેહ પ્રાપ્ત થયો. તે દરમાં રહે અને ઘરના દીકરાનાં નાના દીકરાને જોવાની લાલચે ઘરના બધા સભ્યો બહાર જાય ત્યારે ઘોડિયામાં નાના બાળકને જોવા દરમાંથી નીકળી ઘોડિયા ઉપર લટકીને જોયા કરે. તે દરમ્યાન નાના બાળકની મા કૂવે કપડા ધોઈ ઘરમાં આવતા આ દૃશ્ય જોઈ દૂરથી નાગને ધોકો માર્યો કે તૂર્તજ નાગ તમ્મર ખાઈ ગયો અને ઘસડાતો ઘસડાતો દરમાં લપાઈ ગયો. થોડા દિવસો બાદ સ્વામીએ નાગના દેહમાં રહેલા ખેડૂતને ફરી પૂછ્યું કે ભાઈ હવે ધામમાં આવવું છે ? ત્યારે નાગનાં દેહમાં અસહ્ય વેદના થવાથી એ ખેડૂતે સ્વામીજીને ધામમાં લઈ જવા હા કહી અને સ્વામીએ તૂર્તજ પાણીની અંજલી ભરી ત્રણ વાર સ્વામિનારાયણ સ્વામિનારાયણ મહામંત્ર બોલી પાણી નાગ ઉપર છાંટ્યું કે તૂર્તજ નાગના દેહમાંથી છૂટી પરમપદની પ્રાપ્તિ થઈ. પરોપકારી સંતો ભક્તોની નાની એવી સેવાનો કેટલો મોટો બદલો આપે છે તે આ પ્રસંગથી માલુમ પડે છે.

માટે ભગવાન કે ભગવાનનાં ધર્મ-નિયમમાં રહેલા પવિત્ર સંતોની સેવા સમાગમથી ભૂંડા પ્રારબ્ધથી છૂટી અભયપદની પ્રાપ્તિ થાય છે. જે નક્કી વાત છે. આવા ઘણા પ્રસંગો છે પણ આ સંક્ષેપમાં વાત કરી છે. જે જીવનમાં ઉતારી મહારાજનો રાજીપો પ્રાપ્ત કરી લેવો.

# તે જે તે

- અતુલ બી. પોથીવાલા
(મેમનગર-અમદાવાદ)

"આ જે અમારી વાણી છે તે અમારું સ્વરૂપ છે" શ્રીહરિની પરાવાણી સ્વરૂપ એવી શિક્ષાપત્રીમાં પરમેશ્વરે જે સરળતાથી અને સહજતાથી પોતાના સ્વરૂપને ઓળખાવ્યું છે તે સાચે જ અદ્‌ભૂત છે. એમાય **તે જે તે** એ ત્રણ એકાક્ષરી શબ્દોને એવી સુંદર રીતે સાંકળીને શ્રીહરિએ ગોઠવ્યા છે કે પરમેશ્વરના સ્વરૂપને સહજતાથી સમજી શકાય છે.

"અને એ સર્વે સચ્છાસ્ત્રને વિષે જે વચન **તે જે તે** શ્રીકૃષ્ણ ભગવાનનું સ્વરૂપ તથા ધર્મ તથા ભક્તિ તથા વૈરાગ્ય એ ચારના અતિ ઉત્કર્ષપણાને કહેતા હોય છે." (શિક્ષાપત્રી ૧૦૧)

"અને એ શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ **તે જે તે** ધર્મે સહિત જ કરવી, એવી રીતે તે સર્વે સચ્છાસ્ત્રનું રહસ્ય છે." (શિક્ષાપત્રી ૧૦૨)

"અને જે ઈશ્વર છે, **તે જે તે**, જેમ હૃદયને વિષે જીવ રહ્યો છે તેમ જીવને વિષે અંતર્યામી પણે કરીને રહ્યા છે ને સ્વતંત્ર છે, ને સર્વ જીવને કર્મફળના આપનારા છે, એમ ઈશ્વરને જાણવા." (શિક્ષાપત્રી ૧૦૮)

"અને સમર્થ એવા જે શ્રીકૃષ્ણ **તે જે તે** રાધિકાજીએ યુક્ત હોય ત્યારે 'રાધાકૃષ્ણ' એવે નામે જાણવા અને રુકમણી રૂપ જે લક્ષ્મી તેમણે યુક્ત હોય ત્યારે લક્ષ્મીનારાયણ એવે નામે જાણવા અને એ શ્રીકૃષ્ણ **તે જે તે** અર્જુને યુક્ય હોય ત્યારે નરનારાયણ એવે નામે જાણવા અને વળી તે શ્રીકૃષ્ણ જે તે બલભદ્રાદિકને યોગે કરીને તે તે નામે કહેવાય છે એમ જાણવું. (શિક્ષાપત્રી ૧૦૯, ૧૧૦)

**તે જે તે** એટલે પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પુરુષોત્તમ નારાયણ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન તે અને માત્ર તે જ આપણા ઈષ્ટદેવ છે.

શ્રીજી મહારાજે ઠેર ઠેર જે જ્ઞાનવાર્તાઓ કરી છે એ સર્વે જ્ઞાનવાર્તાઓમાં પણ સ્વયંના સ્વરૂપને ઓળખાવવાનો જ દાખડો કર્યો છે.

"અને અક્ષરાતીત જે પુરુષોત્તમ ભગવાન છે તે જ સર્વે અવતારનું કારણ છે. અને સર્વે અવતાર પુરુષોત્તમમાંથી પ્રગટ થાય છે. અને પાછા પુરુષોત્તમને વિષે લીન થાય છે." (ગ.મ. ૧૩)

"અને **તે જે તે** ભગવાનનો દઢ આશ્રય છે એવો નિર્વિઘ્ન માર્ગ કોઈ નથી." (ગ.મ. ૧૩)

"અને જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજો." (ગ.મ. ૧૩)

"અને એ વાત (**તે જે તે** શ્રી સ્વામિનારાયણ ભગવાન તે જ આપણા ઈષ્ટદેવ અને સર્વ અવતારના કારણ) જેને સમજાણી હોય તેનો તો અતિ મોટો આશ્રય હોય. જુઓને અમારે પરમહંસ તથા સત્સંગી સમસ્ત પાસેથી કોઈ સ્વાર્થ સાધવો નથી તો પણ કોઈને બોલાવીએ છીએ, કોઈને વઢીએ છીએ, કોઈને કાઢી મુકીએ છીએ તેનું તો એ જ પ્રયોજન છે જે કોઈ રીતે આ વાત સમજાય તો બહુ સારું થાય અને આ વાર્તા છે તે સર્વે દૃઢ કરીને રાખજ્યો. અને જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિષે આ વાતનું બીજ લાવજ્યો એમ અમારી આજ્ઞા છે. અને આ વાર્તા તો એવી જીવનદાર છે જે દેહ રહે ત્યાં સુધી નિત્ય પ્રત્યે કરવી અને દેહ મૂકીને ભાગવતીતનુએ કરીને પણ આ જ વાર્તા કરવી છે." (ગ.મ. ૧૩)

"**તે જે તે**" એ શબ્દ સમૂહમાં શ્રીહરિની પરાવાણીનો સ્પર્શ છે એમાં બંને અર્થોનો સમાવેશ છે. **તે જે** શ્રી સ્વામિનારાયણ ભગવાન અને માત્ર તે જ આપણા ઈષ્ટદેવ છે અને **તે જે** શ્રી સહજાનંદજી મહારાજનો અતિ દૃઢ આશ્રય તે જ એક માત્ર કલ્યાણનો નિર્વિઘ્ન માર્ગ છે.

**તે જે તે** આપણા ઈષ્ટદેવ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના કરીએ કે "હે મહારાજ ! અમને આપનું સર્વોપરિપણું યથાર્થપણે સમજાય અને આપના એ અતિ સમર્થ સ્વરૂપનો અતિ દૃઢ આશ્રય કાયમ રહે - દેહ રહે ત્યાં સુધી અને દેહ મૂક્યા પછી પણ."

## આપણા આગામી ઉત્સવ

**ફાગણ સુદ-૧૫** તા. ૨૭-૩-૨૦૧૩ બુધવાર **શ્રી નરનારાયણદેવ જયંતી ફુલદોલોત્સવ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે** બપોરે ૧૨-૦૦ કલાકે શ્રી સ્વામિ. મંદિર, કાલુપુર.

**ફાગણ વદ-૮** તા. ૩-૪-૨૦૧૩ બુધવાર **જેતલપુરધામ શ્રી રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજનો પાટોત્સવ.**

**ચૈત્ર સુદ-૫** તા. ૧૫-૪-૨૦૧૩ સોમવાર **અંજાર(કચ્છ)** શ્રી ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ.

**ચૈત્ર સુદ-૯** તા. ૨૦-૪-૨૦૧૩ શનિવાર **સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રાકટ્ય દિન રામનવમી અમદાવાદ મંદિરમાં સમૈયો. અક્ષર ભુવન બાલસ્વરૂપ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ.**

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....







ફાગણ વદ એકમ શ્રી નરનારાયણદેવ જયંતીએ શ્રી હરિએ અમદાવાદમાં સંતો અને હરિભક્તો સાથે ફુલદોલોત્સવનો ઉત્સવ કર્યો હતો અને આ પીચકારીથી રંગે રમ્યા હતાં ત્યારથી દર વર્ષે અમદાવાદ મંદિરમાં આચાર્ય મહારાજશ્રી એ પરંપરાને જાળવી રંગોત્સવ કરે છે અને આવો જ રંગોત્સવ મૂળીમાં વસંત પંચમીના દિવસે પણ થાય છે. મ્યુઝિયમમાં હોલ નંબર ૪ અને ૭માં આ પીચકારીઓ રાખવામાં આવેલ છે.તથા અમદાવાદમાં જે પાટ પર ઉભા રહી રંગે રમ્યા હતાં તે પાટ અને રંગોના નિશાન વાળા શ્રીજીના વસ્ત્રો પણ હોલ નંબર ૭માં રખાયેલ છે.

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટ - ફેબ્રુઆરી-૨૦૧૩

રૂા. ૧૦,૦૦,૦૦૦/- નિરમા ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ.
રૂા. ૧૦,૦૦,૦૦૦/- નિમા મેમોરિયલ ટ્રસ્ટ, અમદાવાદ.
રૂા.૧,૦૦,૦૦૦/- જીતુભાઈ ભુજંગીલાલ મહેતા વડોદરા
રૂા.૧,૦૦,૦૦૦/- અ.નિ. લાલજીભાઈ લવજીભાઈ પટેલ -અમદાવાદ અ.નિ. અમૃતબેન લાલજીભાઈ પટેલ, અ.નિ. હસમુખભાઈ લાલજીભાઈ પટેલ, હ.જયંતિભાઈ, જયપ્રકાશભાઈ તથા અશ્વિનભાઈ પ્રસાદીના થંભ નિમિત્તે
રૂા. ૫૧,૦૦૦/- શ્રી સ્વામિનારાયણ મંદિર ટોરડા.
રૂા. ૫૧,૦૦૦/- અ.નિ. પટેલ જીવીબેન પોપટલાલ જોઈતારામ પરિવાર, મોખાસણ
રૂા. ૨૫,૦૦૦/- ચંદુભાઈ ત્રિકમદાસ પટેલ - કરજીસણ હ. દિપકભાઈ, હિતેશભાઈ હા. યુ.એસ.એ.
રૂા.૧૧,૦૦૦/- પ.પૂ. મોટા મહારાજશ્રી તરફથી ચિ. સુવ્રતકુમાર અને ચિ. સૌમ્યકુમારના જન્મોત્સવ પ્રસંગે (પૂ. બિન્દુરાજાના પુત્ર)
રૂા.૧૧,૦૦૦/- વિનોદભાઈ-નીલાબેન પટેલ - ધર્મજ
રૂા.૭૧૦૦/- શ્રી સ્વામિ. મંદિર -ગવાડા
રૂા.૫૫૫૫/૫૫ કાચા ટેલર્સ હ. કપિલભાઈ - લેસ્ટર
રૂા.૫૦૦૦/- જગદીશભાઈ એ. પટેલ - માણેકપુર
રૂા.૫૦૦૦/- ભાવિકકુમાર ભગાભાઈ પટેલ, માણેકપુર
રૂા.૫૦૦૦/- નીતાબેન, કિંજલબેન, સવિતાબેન - કલોલ
૫૦૦૦/- મીનાબેન કે. જોષી - ઘનશ્યામએન્જી. - અમદાવાદ
૫૦૦૦/- ભરતભાઈ દલસંગભાઈ ચૌધરી - ભીમપુરા
૫૦૦૦/- જયેન્દ્રભાઈ - રાણીપ

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી - ફેબ્રુઆરી-૨૦૧૩

તા.૧-૧. બાબુલાલ ત્રિકમલાલ ઠક્કર-વિરમગામ
તા. ૭-૨. કેતનભાઈ શર્મા - યુ.એસ.એ.
તા. ૯-૨. પટેલ પ્રાણજીવણભાઈ કાનજીભાઈ દેવપુરા હ.પરેશ, વિશાલ તથા નીલ હા. ઓસ્ટ્રેલીયા
તા.૧૦-૧. રાજુભાઈ કાન્તિભાઈ પટેલ
તા.૧૦-૨. સ્વામી હરિપ્રિયદાસજી ગાંધીનગરવાળાની પ્રેરણાથી કિરણભાઈ વી. ગાંધી - ગાંધીનગર
તા. ૧૪-૨. શ્રી સ્વામિનારાયણ મંદિર - બહેનોનું - ઘાંચીવાડ હ.સાં.યો.કંચનબા, હીરાબા, ભગુબા - ધ્રાંગધ્રા
તા. ૧૬-૨. નારણભાઈ અમથીદાસ પટેલ પરિવાર - વડુવાળા
તા. ૨૩-૨. જેમીબેન જયેશભાઈ પટેલ - સીડની

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં આવનાર મુલાકાતીઓ ને જણાવવાનું કે આપણા મ્યુઝિયમમાં તસવીર ખેંચવાની કે વિડિયો શુટીંગ કરવાની સખ્ત મનાઈ છે તે છતાં કોઈ પણ મુલાકાતીએ ભૂતકાળમાં પણ ફોટોગ્રાફી કે વિડિયોગ્રાફી કરી હોય તેને કોઈપણ જગ્યાએ પ્રસિધ્ધ કરવી નહીં અને જો તેમ કરતા માલુમ પડશે તે વ્યક્તિ કે સંસ્થા પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેવી.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com





# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી
(ગાંધીનગર)

## ભક્તરક્ષક ભગવાન

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

જેમ માતા પોતાના બાળકની સંભાળ લે છે બાળકની બધીજ ચિંતા રાખે છે. સમય થઈ ગયો છે, ભૂખ્યો થયો હશે એના માટે આ બનાવું, તે બનાવું, તેમ ભક્ત માટે ભગવાન બધાજ પ્રકારની ચિંતા રાખે છે. મારા ભક્તને ઘેર વરસે-દહાડે કેટલા અનાજની વપરાશ હશે, તે માટે તેના ઘરમાં બિયારણ કેટલું છે ? ખેતરને સમયસર ખેડ્યું છે કે નહિં ? વગેરે કેટકેટલી ચિંતા રાખે છે. તો આવો આજે આપણે એવાજ એક ભક્તને ભગવાન સૂકાઈ જતી ખેતીની રક્ષા કરીને ભક્તવત્સલપણું બતાવ્યું તે વાત વાંચીએ.

વાત અહિંની નથી તે માટે આપણે સૌરાષ્ટ્રમાં આવેલ ખોલડીયાદ ગામની યાત્રાએ જવું પડશે. ટિકિટ ભાડાની ચિંતા ન કરતાં. આ તો શ્રીહરિની છુકછુકગાડી છે. ભક્તોને વિનામૂલ્યે મુસાફરી કરાવે છે. પણ એવા ભક્તો કે જે ભજન-ભક્તિ-સત્સંગ કરે છે, તેને !

ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં લીમડા નીચે સંતો અને ભક્તોથી હકડેઠઠ ભરેલી સભા હતી અને એ વખતે જ બરાબર ખોલડીયાદના રૂડા ભક્તે બાજરાનું પોટલું ઓટા ઉપર મૂક્યું અને મહારાજને દંડવત્ શરૂ કર્યા. સભાને પગે લાગ્યા એ વખતે મહારાજે રૂડા ભક્તને પૂછ્યું, ''રૂડા આ શાનું પોટલું છે ?'' મહારાજ તમારે પ્રતાપે બાજરો થયો છે તે અહીં લાવ્યો છું. આપની, સંતોની, ભક્તોની સેવા માટે !! ઓ...હો....હો....હો... એ તો કહો એમાં અમારો પ્રતાપ તમને ક્યાં જણાયો ?

મહારાજ ! આપ સાક્ષાત પ્રભુ છો, છતાં આપનો પ્રતાપ છુપાવવા મારા મુખે કહેવડાવો છો તો કહું છું !!

આજથી થોડા સમય પહેલા, દુષ્કાળનું વર્ષ અને ચારેકોર જ્યાં જુઓ ત્યાં માણસ ભૂખે મરતું હતું. ખાવા ધાન માટે માણસ ચોરી કરતો. લૂંટ કરતો, અરે ! બાળકોને પણ વેચી દેતો હતો ! એવા સમયે આપ અમારે ગામ ખોલડીયાદ પધારેલા. ઘરમાં દાણા નહોતાં. એ વખતે તમે મને પૂછેલું, ''રૂડા ભગત તું દાણા લઈ લે. ત્યારે મેં કહેલું મહારાજ ! ઘરમાં ધન નથી. તો તમે કહ્યું, ''ગાંઠે ઘરેણાં હોય તે વેચી દે.'' મેં કહ્યું, એ પણ નથી. તો થોડું દેવું કરીને પણ અનાજ ભર તેમ તમે કહ્યું ત્યારે હું બોલ્યો - મને કોઈ ધીરે એમ પણ નથી. ત્યારે તમે ફરીથી મને પૂછ્યું રૂડા તારે વરસ દહાડે કેટલા દાણાનો વપરાશ છે ? ત્યારે મેં કહેલું, ''પ્રભુ ! પાંચ કળશી દાણાનો વરસે દહાડે વપરાશ છે.'' દાણા વગર શું કરશો ? એટલે જ હું તમને પ્રાર્થના કરું છું. મહારાજ ! વહેલા તેડી જજો જેથી બધી ઉપાધિનો અંત આવે.'' ના એમ નહી, તો કેમ ? શું કરવું મારે ? તમે એમ કરો, નાગડકા સુરા ભક્તના ગામે આવો. ત્યાં ખેતીમાં કામ કરજો અને કપરો સમય પસાર થઈ જશે. મહારાજ તમારી વાત સાચી પણ અમે નાડોદા રાજપૂત છીએ. ખેતી કરતા આવડે નહીં. મહારાજ પછી તમે થોડા ઉતાવળે બોલ્યા, કામ નહીં કરો તો ભૂખે મરશો ! એટલે જ તમે અમને ''વહેલા તેડી જજો'' એમ કહું છું.

પછી તમે પૂછ્યું કાંઈ વાવ્યું છે કે નહીં ? મહારાજ વાવ્યું તો છે પણ વરસાદ નથી. બાજરો પચાસ વિઘામાં વાવ્યો છે, પણ ગરમી પડે છે. સૂકાઈને ઠૂંઠો થઈ ગયો છે. પછી તમે વાત કરી કે, જો વરસાદ થાય તો ઠૂંઠા ફૂટે ખરાં ! હા, મહારાજ ! વરસાદ થાય તો ઠૂંઠા ફૂટે ખરાં.

એમ મે કહેલું. પછી મહારાજે ગામના માણસોને રજા આપી અને મને સાથે લઈને ચાલ્યા.

રસ્તામાં વાતો કરતા જાય, મહારાજ તમે મને પૂછો એનો ઉત્તર આપતો અને આપણે ચાલ્યા જતાં હતા. આમ આપણે પાંચ છ ગાઉ સુધી સાથે ચાલેલા અને પછી તમે ઘેર જવા કહ્યું એટલે ખોરડે આવીને સૂઈ ગયો. સવારે ઘણાં માણસો મારા ખોરડે ભેગાં થયેલાં અને મને બૂમ પાડીને જગાડેલો. રૂડાં... એ રૂડા... જાગ આ તો જાદુ થયો છે !! આખા ગામમાં ક્યાંય વરસાદ નથી ને તારું ખેતર વરસાદના પાણીથી તરબતર છે. અમે જોઈને આવ્યા છીએ.

આ સમાચાર સાંભળીને મેં તો ખેતરે દોટ મૂકી. ઘરને વાખ્યું તાળુ અને ખેતરે ઝૂંપડી બાંધીને મોલ પૂરેપૂરો પાક્યો નહીં ત્યાં સુધી ઝૂંપડીએજ રહ્યો. આજુબાજુના કોઈ ખેતરમાં નહિ. અને મારા જ ખેતરમાં પાણી જ પાણી! આ તો તમારો પ્રતાપ નહિ તો શું ?

બાજરો સારો ઉતર્યો છે એવી ખેતરના માલિક જે દરબાર હતા તેને જાણ થઈ એટલે ભાગ માગવા આવ્યા. ત્યારે ગામના બધા માણસોએ ભેગા થઈને કહ્યું, દરબાર, આ બાજરા ઉપર તમારો હક્ક નથી. આતો ખલાસ થઈ ગયેલા બાજરાને તેના ભગવાન સ્વામિનારાયણે બચાવ્યો છે એટલે બધો બાજરો રૂડા ભકતનો કહેવાય.'' ત્યારે દરબાર કહે, આવ્યો છું તો પ્રસાદીનો બાજરો લઈને જ જઈશ. પછી મેં દરબાર માલિકને ભાગ આપ્યો. બાકીનો બાજરો ઘેર લઈ જતાં પહેલાં આ પોટલું બાંધ્યું અને કોઠીમાં ભરતાં ભરતાં જ્યાં માપ્યો ત્યાં પાંચ કળશી જ પૂરેપૂરો થયો.

ધન્ય પ્રભુ ધન્ય ! તમારી આ અકળ લીલાને કોણ પાર પામ્યું છે, તે અમે પામીએ !! વરહનો બાજરો પહેલા તમારે ચરણે પૂગાડું પછી મારા જીવને નિરાંત થાય. એટલે હે મહારાજ ! આ બાજરાનું પોટલું તમારે ચરણે અર્પણ કરવા લાવ્યો છું.

તમારી કૃપાથી મારું વરહ સુધરી ગયું અને હું અને મારો પરિવાર સુખી થયા છીએ ને તમારૂં ભજન કરીએ છીએ. ત્યારે સભામાં બેઠેલા મુક્તાનંદ સ્વામી બોલ્યા, મહારાજ તમે બહુ દયાળુ છો ભક્તની ખબર રાખો છો. પછી મહારાજે ચાલું સભામાં જ બાજરાનું પોટલું છોડાવ્યું એ બાજરામાંથી એક મુઠ્ઠી બાજરો લીધો અને પોતાના મુખમાં કાચા બાજરાના બે ગ્રાસ લીધા અને પછી મુઠ્ઠીમાં વધેલો પ્રસાદીનો બાજરો પોટલીમાં નાંખ્યો. અને સંતો સહિત આખી સભાને એ બાજરાની પ્રસાદી વહેંચાઈ.

વહાલા ભક્તો ! આજે પણ ભગવાન તો એના એ જ છે. એવી જ કરૂણા પ્રભુના હૃદયમાં ભક્ત પ્રત્યે છે. પરંતુ વાત છે ભક્તની શ્રધ્ધાની ! ભક્તની ભક્તિ સાચી હોય, વિશ્વાસ સાચો હોય તો ભગવાન આજે પણ ભક્તની સહાય કરે છે. ભક્તની સંભાળ રાખે છે. કારણ કે સ્વામિનારાયણ ભગવાન આ સત્સંગમાં સદાય પ્રગટ છે.

●

## ભગવાનનું આપેલું

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

મહાભારતમાં એક કથા છે. કૌરવોએ ભેગા થઈને ભીમને ખાવામાં ઝેર આપ્યું અને હાથ પગ બાંધી અને નદીમાં નાખી દીધો. ભીમ નદીમાં પડ્યો. પણ પછી છેક પાતાળમાં ચાલ્યો ગયો. ભીમ આવી રીતે મરવા સર્જાયો નહોતો. એતો મારવા સર્જાયો હતો. પણ એ બિચારા કૌરવોને ખબર નહિ. ઝેર ખવરાવી, હાથ પગ બાંધી, નદીમાં નાંખી અને બધા ચાલ્યા ગયા. ભીમ પાતાળમાં પહોંચી ગયો. આ બાજુ જાહેર થયું કે ભીમનું મૃત્યુ થઈ ગયું છે. બધાએ માન્યું પણ ખુદ દ્વારિકાધીશ પણ માની ગયા. એ પણ ભીમના બેસાણામાં આવ્યા હતા.

જાણે છે છતાંય ખરખરો કર્યો. શોક સભાઓ ભરાઈ, બધું કર્યું. સૌથી વધુ દુઃખ દુર્યોધને વ્યક્ત કર્યું. આ જગતની લીલા જ ન્યારી છે કે મારનાર હોય એ પહેલો ખરખરો કરે. દુર્યોધન પહેલું જ બોલ્યો, બહુ ખોટું થઈ ગયું. અમારું તો નાક ગયું. મારો જમણો હાથ તૂટી પડ્યો. ભગવાન જાણે છે જમણો હાથ તો હવે પછી તૂટશે ધીરો રહે. સમય આવે ત્યારે બધું તૂટવાનું છે. તારો જમણો હાથને પગ બધું તુટશે. પ્રભુ કાંઈ બોલ્યા નહિ.

ધીમે ધીમે આ વાતને એક વરસ વીતી ગયું. હસ્તિનાપુરમાં ભીમનું શ્રાધ્ધ કરવાનું નક્કી થયું. તમામ બ્રાહ્મણોને આમંત્રણ આપ્યાં. બ્રાહ્મણો અબોટીયાં પહેરી, ખભે સેલાં નાખી, નાહી ધોઈને હસ્તિનાપુર આવતા હતા. એજ વખતે ભીમ પાતાળમાંથી બહાર આવ્યો. એ વખતે ભીમની દાઢી વધી ગયેલી. વાળ અસ્ત વ્યસ્ત હતા. કોઈએ ઓળખ્યો નહિ. બ્રાહ્મણોએ માની લીધું. આ દાઢી વાળો છે એટલે બ્રાહ્મણ હશે.

ભીમે પૂછ્યું ભૂદેવો, આપ બધા ક્યાં જાઓ છો ? તમને ખબર નથી ? ભીમનું શ્રાધ્ધ થાય છે. એ નિમિત્તે આજે હસ્તિનાપુરમાં હજારો બ્રાહ્મણોને જમાડવાના છે. તમે પણ ચાલો. એક બ્રાહ્મણ વધારે એમાં શું ! ભીમનો સ્વભાવ વિનોદી તો હતો જ એને એમ થયું કે જોવા દે આજે જે થાય તે. એટલે એ પણ બ્રાહ્મણોની સાથે પંક્તિમાં જમવા બેસી ગયો. બ્રાહ્મણોને પીરસાવા માંડ્યું. એમાં આ ભીમ પાસે આવે અને પતરાવળામાં લાડુ મુકે એવા તર્ત જ જમી જાય. બીજા બધા તો થોડું ચાવી ચાવીને ખાય, આ તો આખો લાડુ ઉતારી દે.

બધા કહે આ એક બ્રાહ્મણ એવો આવ્યો છે જે ધરાતો જ નથી. મિષ્ટાન્ન, પકવાન ખાલી થઈ ગયું. દાળ-ભાતના તપેલાં આગળ લાવીને મૂક્યાં. એ પણ ખાલી થયાં છતાં ધરાતો નહિ. લાવો જ લાવો. આ શ્રાધ્ધમાં શ્રીકૃષ્ણ ભગવાન હાજર હતા. ભગવાનને થયું કે આવી ગયો છે. અને આવતાની સાથે ચમત્કાર બતાવ્યો છે. તરત જ કુંતાજીને વહેમ પડ્યો કે આટલું ખાનાર તો મારો દીકરો ભીમજ હોય, બીજો કોઈ ન હોય. પણ હવે સાબિતી શું ? મારા હાથના બનાવેલા લાડુ ખાશે એટલે એને તૃપ્તિ થશે. અને તરત જ કુંતાજીએ રસોડામાં જઈ પાંચ લાડુ બનાવ્યા અને યુધિષ્ઠિરને કહ્યું, જાઓ, પીરસી આવો.

યુધિષ્ઠિરે થાળીમાં પાંચ લાડુ મૂક્યા. એમાંથી ભીમે એક ખાધો અને બીજો ખાતાં જ સંતોષનો ઓડકાર આવી ગયો અને તૃપ્તિ થઈ ગઈ. મિષ્ટાન્ન ને માના હાથનો સ્પર્શ થયો ત્યારે જ તૃપ્તિ થઈ. ભીમનો સ્વભાવ હતો. કુંતાજી પીરસે તોજ તેને તૃપ્તિ થતી.

માના હાથનો સ્પર્શ જેમ ભોજનમાં તૃપ્તિ લાવી દે છે એમ ભગવાનના હાથનો સ્પર્શ જીવનમાં તૃપ્તિ લાવી દે છે.

સજ્જનો ! આ વાર્તા ખૂબ વિચારપૂર્વક વાંચજો. પરમાત્મા જેને પૈસા આપે એને સાથે સાથે તૃપ્તિ (સંતોષ) આપે છે. જે એમ માનતા હોય કે મારા ઉપર ભગવાનની દયા છે. આ નોકરી કરીએ છીએ, એમાંથી બે હજાર મળે છે. પાંચ-પચીસ હજાર જમા છે. એટલું બહુ થઈ ગયું. આપણે આનંદ છે એને તૃપ્તિ થઈ કહેવાય. જેને ઈશ્વર નથી આપતા એની પાસે લાખો હોય તો પણ સંતોષ થતો નથી. હાય-વોય ચાલું જ હોય છે. આખી પૃથ્વીને જાણે ખરીદી લેવી હોય એ રીતે દોડાદોડ કરતો હોય છે. જીવનમાં તૃપ્તિ ન હોય તો સમજજો કે એ ભગવાનનું આપેલું નથી. જેને ભગવાન આપે એને સંતોષ થઈ જાય છે.

માટે ભગવાનની ઈચ્છાએ જે કાંઈ ધંધો, ઉદ્યમ, નોકરી જે કાંઈ હોય એમાંથી જે પ્રાપ્તિ થાય એમાંથી ભગવાનનો ભાગ અર્પણ કરીને પછી બાકીનું ઘરમાં લાવીએ એ ભગવાનનું આપેલું ગણાય અને એનાથી આપણા જીવનમાં સદાય સંતોષ અને આનંદ રહે. જીવનમાં દિવ્ય તૃપ્તિનો ઓડકાર આવે.

## ખંડગ્રાસ ચંદ્રગ્રહણ અંગે

ચૈત્ર સુદ-૧૫ તા. ૨૫-૪-૨૦૧૩ ગુરુવાર
ખંડગ્રાસ ચંદ્રગ્રહણ છે.
● વેધ બપોરે ૪-૨૨ ● સ્પર્શ રાત્રે ૧-૨૧ મિનિટે
● મોક્ષ રાત્રે ૧-૩૮ મિનિટે


**Caller Tune** (વોડાફોન ધારકો માટે જ)

**પ.પૂ. મોટા મહારાજશ્રીની પવિત્ર વાણીમાં શ્રી નરનારાયણ દેવનો મહિમા સમજાવતી કોલર ટ્યૂન (વોડાફોન ધારકો માટે જ) આપના ફોનમાં ચાલુ કરાવવા માટે**
**સી.ટી. નામ મહારાજશ્રી સી.ટી કોડ ૨૭૦૯૩૦**
Caller Tune Name : Maharajshri
Caller Tune Code : 270930

# ભક્તિસુધા

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**"પરમાત્માના મૂળ સ્વરૂપની ઓળખાણ"**
(સંકલન : કોટક વર્ષાબેન નટવરલાલ - ઘોડાસર)

જ્યારે જ્યારે પરમાત્મા આ પૃથ્વી પર મનુષ્યરૂપે આવે છે ત્યારે પરમાત્માના અવતારના મુખ્ય ત્રણ હેતુ હોય છે. શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં કહ્યું છે ને

**પવિત્રાણાયસાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ॥**
**ધર્મસંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે ॥૮॥**

સાધુ પુરુષોના રક્ષણ માટે દુષ્ટોના નાશ માટે અને ધર્મની સ્થાપના માટે હું યુગે યુગે પ્રગટ થાઉં છું.

તો દ્વાપર યુગના અંતમાં શ્રીકૃષ્ણ ભગવાન જ્યારે પૃથ્વી પર પ્રગટ થયા ત્યારે તેમના પણ આ મુખ્ય ત્રણ હેતુ હતા.

(૧) સાધુપુરુષોના રક્ષણ માટે અર્થાત્ જે લોકો સત્યનું આચરણ કરે છે. ધર્મનું પાલન કરે છે. તેમની રક્ષા કરી કંસ થકી પોતાના માતા-પિતાની, કૌરવો થકી પાંડવોની, અઘાસુર થકી ગોપબાળકોની વગેરે અનેક ભક્તોની રક્ષા કરી.

(૨) દુષ્ટોના વિનાશ માટે અર્થાત્ જે અધર્મી લોકો છે. બધાને વિના કારણે દુઃખ આપે છે. તેવા દુષ્કર્મ કરનાર વ્યક્તિને દંડ આપવા માટે તો પરમાત્માએ તે કાર્ય પોતાના જન્મથી જ આરંભી પ્રથમ પૂતનાથી શરૂ કર્યું. પૂતના, શકટાસુર, બકાસુર, વત્સાસુર, અઘાસુર, કંસ, શિશુપાલ, જરાસંઘ, કાળયવન અને છેલ્લે છપ્પન કરોડ યાદવોનો આ બધાનો સંહાર કર્યો.

(૩) તો શ્રીકૃષ્ણ ભગવાનનું ત્રીજું જે કાર્ય હતું એકાંતિક ધર્મની સ્થાપના કરવી. તો પરમાત્મા જ્યારે પોતાના છેલ્લા સમયમાં પ્રભાસક્ષેત્રમાં પીપળાના વૃક્ષ નીચે બિરાજમાન હતા ત્યારે વિચાર કરે છે કે, બે કાર્ય તો સારી રીતે પૂર્ણ થઈ ગયા. પરંતુ બે કાર્ય કરવામાં સવા સો વર્ષ વીતી ગયા. તો મારું ત્રીજુ કાર્ય છે તે કોઈ બીજાને સોંપી દઉ. આમ વિચાર કરે છે. એટલામાં ત્યાં મૈત્રેય ઋષિ અને ઉદ્ધવજીનું આગમન થાય છે. ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કીધુ કે જે કૃષ્ણ જગતમાં ભગવાન તરીકે ઓળખાય છે. તે ભગવાનનું મૂળ સ્વરૂપ છે. તો મારા મૂળ સ્વરૂપની જગતને ઓળખાણ કરાવજો. અને એકાંતિક ધર્મની સ્થાપના કરજો. તો મૈત્રેય ઋષિએ કીધું કે મારી ઉંમર થઈ ગઈ હોવાથી આ કાર્ય મારાથી નહિ થઈ શકે. તો ભગવાને મૈત્રેય ઋષિને કીધુ કે આપ વિદુરજીને મારા સ્વરૂપની ઓળખાણ કરાવજો. અને જગતને પોતાના સ્વરૂપની ઓળખાણ કરાવી એકાંતિક ધર્મનું સ્થાપન કરાવવાની જવાબદારી ઉદ્ધવજીને સોંપી.

આમ ઉદ્ધવજી મૂળ સ્વરૂપની ઓળખાણ આપવા જગતમાં ફરવા નીકળ્યા, પરંતુ જ્યારે જ્યારે ભગવાનના લીલા ચરિત્રોનું વર્ણન કરે તો કંઠ રુંધાઈ જાય, અવાજ નીકળે નહિ. આમ કરતા કરતા ૧૧૪ વર્ષ વીતી ગયા. પરંતુ પરમાત્માના સ્વરૂપની ઓળખાણ કરાવી શક્યા નહિ. તો શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ કર્યું. અને પ્રાર્થના કરી કે હું આપની આજ્ઞાનું પાલન કેવી રીતે કરું ? તો પરમાત્માએ પ્રેરણા કરી કે આપ બદરિકાશ્રમમાં જાઓ. તો ઉદ્ધવજીને થયું કે સાચી વાત છે. નરનારાયણદેવ બદરિકાશ્રમમાં તપ કરે છે. આમ ઉદ્ધવજી બદરિકાશ્રમમાં જાય છે. અને નરનારાયણદેવને ત્રણ હજાર વર્ષ સુધી પ્રાર્થના કરે છે. ભગવાન સ્વામિનારાયણ કીધુ છે ને કે હું જલ્દી કોઈના પર રાજી પણ થતો નથી અને જલ્દી કુરાજી પણ થતો નથી. તો ભગવાન સ્વામિનારાયણ અને નરનારાયણમાં સ્હેજ પણ ફેર નથી. બંને એક જ છે. તો નરનારાયણ દેવ ત્રણ હજાર વર્ષ સુધી ઉદ્ધવજીની પ્રાર્થના સાંભળી પ્રસન્ન થાય છે. અને વરદાન માગવા કહે છે. તો ઉદ્ધવજીએ કીધુ કે આપે જે એકાંતિક ધર્મની સ્થાપના કરવાની આજ્ઞા કરી છે, તેનું પાલન થયું નથી. તો આપ કૃપા કરો. તો તેત્રીસ કરોડ દેવતા પ્રગટ થયા. પરંતુ બધા દેવ-દેવીઓ મૂળ સ્વરૂપની ઓળખાણ કરાવી શક્યા નહિ, શંકર ભગવાને પણ શંકરાચાર્યરૂપે આવી દક્ષિણમાં ધર્મનો પ્રચાર કર્યો તો પણ ઉદ્ધવજીને થયુ કે જેવું થવું જોઈએ તેવું ધર્મનું સ્થાપન થયું નથી. ત્યારબાદ રામાનુજાચાર્ય સવાસો વર્ષ પૃથ્વી પર રહ્યા તો પણ ઉદ્ધવજીને શાંતિ થઈ નહિ. અને ઉદ્ધવજીએ બદરિકાશ્રમમાં નરનારાયણદેવ પાસે જઈને કીધું કે આપ સિવાય કોઈ આ કાર્ય કરી શકે નહિ માટે

દયા કરી આપ જ કાંઈ કરો. તો નરનારાયણ ભગવાને પૃથ્વી પર મનુષ્યરૂપે અવતાર ધારણ કરવાનો સંકલ્પ કર્યો. ત્યાર બાદ ૮૮ હજાર ઋષિમુનિઓનું બદરિકાશ્રમમાં આગમન થાય છે. ઋષિમુનિઓનું સ્વાગત કરી ભગવાન નારાયણ પૂછે છે કે ભરતખંડમાં અતિ દુર્લભ મનુષ્ય જન્મને પામીને મેં બાંધેલી ધર્મમર્યાદાને લોકો પાળે છે કે નહિ ? તો ઋષિમુનિઓ પરમાત્માને પૃથ્વી પર થયેલા અધર્મના ઉપદ્રવની વાત કરે છે. તેટલામાં ત્યાં ધર્મપિતા અને માતા મૂર્તિદેવીનું આગમન થાય છે. તેમનું યથાર્થ સ્વાગત કરી ભગવાન નારાયણ ધર્મપિતા અને માતા મૂર્તિદેવી સમક્ષ મુનિઓએ નિવેદન કરેલી પૃથ્વી પરની અધર્મના ઉપદ્રવની વાત યથાર્થપણે કહેવા લાગ્યા. ભગવાન નારાયણનું વચન સાંભળતા મુનિઓ અને ધર્મદેવ તથા સઘળી સભા ભગવાન નારાયણના વદનકમળમાં સ્થિર ચિત્તવૃત્તિવાળા થઈ ગયા. ત્યારે ભગવાન નારાયણે અંતરમાંથી પ્રેરેલા ઋષિ દુર્વાસા કૈલાસ પર્વતથી બદરિકાશ્રમમાં આવ્યા. નારાયણ ભગવાનની વાર્તામાં આસક્ત હોવાથી કોઈએ તેમને જોયા નહિ. આદર સત્કાર થયો નહિ. તેથી અત્રિપુત્ર ઋષિ દુર્વાસા પોતે અપમાનિત થયા હોય એમ માનવા લાગ્યા. અને સઘળી સભાને શાપ આપ્યો હે ધર્મદેવ ! તમો સર્વે મનુષ્ય ભાવને પામો. પૃથ્વી પર અસુરો થકી અનાદર અને મહા કષ્ટને પામો. પછી ધર્મદેવ ખૂબ પ્રાર્થના કરે છે કે આપ કાંઈ અનુગ્રહ કરો. તો દુર્વાસા ઋષિ કહે છે કે હું અનુગ્રહ કરૂ છું તે સાંભળો. આ મૂર્તિદેવી જ તમારા પત્ની થશે. અને ભગવાન નારાયણ તમારા પુત્ર થશે. અને અસુરોના કષ્ટ થકી રક્ષા કરશે. આમ ભગવાન નરનારાયણ પોતે સ્વામિનારાયણરૂપે પૃથ્વી પર પ્રગટ થઈ પોતાના મૂળ સ્વરૂપની ઓળખાણ કરાવી. સર્વે ઋષિમુનિઓને આજ્ઞા કરી કે આપને જે યોગ્ય સ્થાન હોય ત્યાં માતા-પિતાની શોધ કરી પૃથ્વી પર જન્મ ધારણ કરો. અને ઉદ્ધવજીને કીધું કે તમે જાઓ પછી પાછળથી હું આવું છું. અને આપણે જે સંપ્રદાયની સ્થાપના કરવી છે તે તમારા નામથી થશે. ભગવાનને રાજી કરવા માટે ઉદ્દવજીને અને ઋષિમુનિઓને કેટલા પ્રયત્નો કરવા પડ્યા. આપણને કળિયુગમાં ભગવાન ઘેર બેઠા મળ્યા છે. આપણને નરનારાયણદેવ મળ્યા છે. તે મૂર્તિ નથી, મૂર્તિમાં પ્રભુ પ્રત્યક્ષ બિરાજેલા છે. નરનારાયણદેવ ખૂબ દાયળુ છે. આજે પણ પોતાના આશ્રિતો માટે તપ કરે છે. તેમને તપની જરૂર છે જ નહિ. કેમ કે ? પોતે તો ભરતખંડના રાજા છે. પરંતુ તેમના આશ્રિતોને તપનું ફળ આપે છે. તેમ છતાં પણ જીવને તપની જરૂર કેમ છે ? તો તપ કર્યા વગર જીવને મૂળ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થતું નથી. જેમ જગતમાં દીકરા-દીકરી કાંઈ કરવા સમર્થ ન હોય તો આ જગતમાં માતા-પિતા દીકરા-દીકરી માટે કાંઈ પણ કામ કરે છે. અને તેમનું ભરણ-પોષણ કરે છે. તો નરનારાયણદેવ તો આખા જગતના પિતા છે. માટે તપ કરે છે. અને તેનું ફળ આપણને આપી દે છે. તો આપણે પણ તેમના આશ્રિત થઈ આજ્ઞામાં રહેશું તો ચોક્કસ કલ્યાણ કરશે.

●

### પરમાત્માના નામ સ્મરણનો મહિમા

સાં.યો. કુંદનબા ગુરુ સાં.યો. કંચનબા (મેડા)

હે ભક્તો ! પરમાત્માના નામનું સ્મરણ કરવાથી તમામ પાપો બળી જાય છે. લોયાના છઠ્ઠા વચ.માં.શ્રીજી મહારાજે કહ્યું છે કે ધ્યાન કરતા ભૂંડા ઘાટ થાય ત્યારે ઉચ્ચ સ્વરે કરી નિર્લજ્જ થઈને તાળી વગાડીને 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' ભજન કરવું. તો સર્વે ઘાટ ટળી જાય અને નિરાંત થાય. પરંતુ એ વિના બીજો એવો ઘાટ ટાળ્યાનો ઉપાય નથી. સ.ગુ. શતાનંદ સ્વામીએ પણ સત્સંગિજીવન ગ્રંથમાં ૪૬ માં અધ્યાયમાં કહ્યું છે કે ગમે તે પાપનું પ્રાયશ્ચિત કરતા હોઈએ, પરંતુ તેની સાથે નામ સ્મરણ કરવું જોઈએ. નહિતર સંપૂર્ણ ફળ મળતું નથી. સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ 'હરિબળગીતા'માં લખ્યું છે.

''પુરુષોત્તમ પ્રગટનું નામ નિર્ભય નિશાણ,
જે જન જીભે ઉચ્ચરે, તે પામે પદ નિર્વાણ.
ત્રિલોકમાં તપાસતાં,નાવે નારાયણ નામ તુલ્ય,
પતિતને પાવન કરવા, એ છે નિધિ અમૂલ્ય.
હિરણ્યકશિપુ શ્રવણે સાંભળ્યો, નારાયણ નામનો નાદ,
તપ તજી ત્રિયાલજી તેના થયા ભક્ત પ્રહલાદ.

ભગવાનના નામ સ્મરણનું ફળ પ્રત્યક્ષ ભગવાનનાં દર્શન બરાબર છે.

ભાગવતજીમાં અજામિલ નામના બ્રાહ્મણનો એક પ્રસંગ વર્ણવ્યો છે. મહાપાપિષ્ટ એવા અજામિલે નારાયણનું નામ લીધું તો તેના પાપ માત્ર બળી ગયા અને તેની યમદૂતોના પાસથી મુક્તિ થઈ છે. ભગવાનના નામનું અખંડ સ્મરણ કરવાથી સાધારણ જીવ પણ કેટલી ઉચ્ચસ્થિતિ પ્રાપ્ત કરી શકે છે ! જેમ કે ભયાનક જંગલમાં રહેતો અને લોકોને મારીને, લૂંટફાટ કરીને પોતાના

કુટુંબનું ભરણ-પોષણ કરતો એવા વાલીયા લૂંટારાએ નારદજીના ઉપદેશથી રામ નામનો અખંડ જપ શરૂ કર્યો, તો વર્ષો જતાં અખંડ નામ-સ્મરણના પ્રતાપથી જેમને ત્રિકાળજ્ઞાન પ્રાપ્ત થયું. તેથી ભૂત-ભવિષ્ય અને વર્તમાન કાળને જાણતા થઈ ગયા અને વાલીયા લૂંટારામાંથી વાલ્મીકિ ઋષિ બની ગયા. જેને ત્રણ દિવસ પછી શું બનવાનું છે તેનું ખબર ન હતી એની બદલામાં ત્રણ કાળનું જાણતા થઈ ગયા. આ સર્વેનું જો કોઈ કારણ હોય તો એ ભગવાનના નામનું સ્મરણ છે. ભગવાનના નામ સ્મરણથી વાસના બળી જાય છે અને મોહ ટળી જાય છે. કાશીમાં રહેતાં રામા ભંગીને કાશીનરેશની રાજકુમારી રમાને જોઈને મનમાં વાસના ભભૂકી ઉઠી. પરંતુ રાજકુમારી રમાની શરત પ્રમાણે એક મહિના લગી ગંગા તટ ઉપર બેસી ઉપવાસ સાથે રામના નામનું સ્મરણ કર્યું તો તેની વાસના માત્ર બળી ગઈ. અને હૃદયની અંદર રાજુમારીને બદલે ભગવાન રામની સ્થાપના થઈ ગઈ. રાજકુમારીને બદલે પરમાત્મા રામ સાથે લગની લાગી ગઈ અને અંતે એક મહાન સંત બની ગયા. માટેજ તો તુલસીદાસજી કહે છે કે,

ઊંચાકુળ કિસ કામકા, જહાં નહિ હરિકા નામ,
તુલસી તાતે શ્વપચ ભલા, જા મુખમેં હરિકા નામ.
સુખ કે શીર સીલ પડો, જો નામ હૃદય સે જાય,
બલિહારી વો દુઃખકી, પલ પલ નામ જપાય.

શાસ્ત્રમાં કહેલા વ્રતાદિક કરવાથી પાપી જેવો શુદ્ધ થતો નથી, તેવો હરિના નામનો ઉચ્ચાર કરવાથી થાય છે. કારણ કે પાપનું પ્રાયશ્ચિત કર્યું હોવા છતાં પણ ફરીથી મન પાપના માર્ગે દોડે છે. માટે પાપકર્મનો સમૂળગો નાશ ઈચ્છતા પુરુષોએ હરિના ગુણાનુવાદરૂપ જ પ્રાયશ્ચિત કરવું જોઈએ. કારણ કે પ્રાયશ્ચિત ચિત્તને પણ શુદ્ધ કરે છે. તપ કરવાથી જો કે મનુષ્યના પાપો દૂર થાય છે. કિંતુ અધર્મથી ઉત્પન્ન થનારૂ તે તે પાપોનું સંસ્કારરૂપ જે હૃદય છે તે દૂર થતું નથી. તે તો પરમાત્માના સ્મરણથી જ થાય છે. જેમ અખંડ પ્રગટાવેલ દીવો અંધકારનો નાશ કરે છે, તેમ હરિ નામ એમને એમ ચાલુ રાખવામાં આવે તો બીજા પાપો ફરીને ઉત્પન્ન થતાં જ નથી. જેમ અખંડ દીવો અંધકારને ઉત્પન્ન થવા દેતો નથી તેમ, સો વર્ષોથી રૂમ બંધ હોય તેથી તેમાં અંધારૂ હોય પરંતુ એક દિવાસળી જલાવો, તુરંત અંધકાર દૂર થશે. પરંતુ જો દીવો બુઝાય તો ફરી અંધારું થઈ જશે. તેમ હરિનામરૂપી દીવો અખંડ શરૂ રહેશે તો અંતઃકરણમાં અજવાળું રહેશે. પરંતુ બંધ થઈ જશે તો ફરીને અંધકાર થઈ જશે. વ્હાલા ભક્તો ! આપણા શાસ્ત્રોમાં પણ સ્વામિનારાયણ મહામંત્રનું સ્મરણ કરવાથી અગણિત ભક્તોના દુઃખ દૂર થયા છે તેની વાતો લખાયેલી છે, અનેક ભક્તો સ્વામિનારાયણ મહામંત્રનું સ્મરણ કરવાથી આધિ વ્યાધિ અને ઉપાધિ માંથી મુક્ત થયા છે. તેમાંનો એક પ્રસંગ જોઈએ. કચ્છ પ્રાંતમાં દહિંસરા નામનું એક ગામ આવેલું છે. તે ગામમાં કેસરાભાઈ નામે ભક્ત હતા. તેઓ ખેતીનો ધંધો કરતા હતા. વાડીએ કૂવામાં પાણી હતું તેથી ગામના લોકો પણ કપડાં ધોવા આવતા હતા. તે વાડીમાં એક મોટો કાળો નાગ રહેતો હતો. એટલે ગામના લોકો કહેતા કે, 'તમો આ નાગને મારી નાખો. નહિતર તમોને અથવા કપડાં ધોવા આવનાર સ્ત્રીઓને ક્યારેક કરડશે. ત્યારે કેસરાભાઈએ કહ્યું : 'હું હરિભક્ત છું મારા ઈષ્ટદેવે કોઈપણ જીવની હિંસા કરવાની ના કહી છે માટે હું નહિ મારું અને મારવા પણ નહિ દઉં.'' પછી એક વાદી આવ્યો તો પણ તેમણે નાગને પકડવા ના દીધો. પછી એક દિવસ કેસરાભાઈ વહેલી સવારે વાડીએ ગયા અને પાણી કાઢવા માટે કોસ જોડવા ગયા ત્યારે અંધારામાં કંઈ દેખાયું નહિ, તેથી કોસ અંદર હાથ નાખ્યો. ત્યાં તો હાથમાં તે સર્પ આવ્યો અને એકદમ કરડ્યો. ડંખ વાગતાની સાથે કેસરાભાઈએ સ્વામિનારાયણના નામનું ભજન શરૂ કરી દીધું અને મંદિરે આવ્યા. ઘરના લોકોને તથા ગામના લોકોને ખબર પડી તુરંત સર્વે આવ્યા અને કેસરાભાઈને કહેવા લાગ્યા. ''જલ્દી ચાલો ફલાણા ગામે જઈને નાગનું ઝેર ઉતારી આવીએ. ત્યાં એક ભૂવો ઝેર ઉતારી ને દોરો બાંધે છે.'' ત્યારે તમામ લોકોને કેસરા ભક્તે કહ્યું : 'મારે ક્યાંય જવું નથી અને કોઈનો પણ દોરો બાંધવો નથી. સ્વામિનારાયણ ભગવાનને મને જીવતો રાખવો હશે તો ઝેર ઉતરી જશે. અને ધામમાં લઈ જવો હશે તો ઝેર નહિ ઉતારે. માટે તમો સૌ મારી સાથે ધૂન બોલવા લાગો. એમ કહીને તેઓ ભજનમાં બેસી ગયા અને આજુબાજુના ગામોમાંથી ખબર કાઢવા આવેલા તમામ હરિભક્તો પણ ઉંચા સ્વરથી 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' નામની ધૂન બોલવા લાગ્યા. જેમ જેમ ધૂન બોલાતી ગઈ, તેમ તેમ નાગનું ઝેર ઉતરતું ગયું અને અંતે સારું થઈ ગયું.

વહાલા ભક્તો ! અંત સમયે પરમાત્માનું સ્મરણ કરવાથી પાપી જનો તમામ પાપો થકી રહિત થાય છે. પરંતુ તે સમયે ભગવાનનું નામ યાદ આવવું બહુ કઠિન છે. એટલા માટે જ અત્યારથી જ નામ સ્મરણ શરૂ કરી

દેવું જોઈએ, તેથી અંત સમયે યાદ આવી જાય.

વહાલા ભક્તો ! કોઈપણ કાર્યને સિદ્ધ કરવા માટે પુરુષાર્થની જોડે પરમાત્માની કૃપાની પણ એટલી જ જરૂર છે. માટે આપણા સૌના ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાનની આપણા ઉપર અતૂટ ધારાએ કૃપાની વર્ષા વરસતી રહે તેવી ત્યાગી-ગૃહી તમામ સ્ત્રીભક્તોના ગુરુ એવા પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના ચરણોમાં પ્રાર્થના કરીએ.

●

## સંપ ત્યાં જંપ

સાંખ્યયોગી કોકિલાબા (સુરેન્દ્રનગર)

ગુજરાતીમાં ''સંપ ત્યાં જંપ'' કહેવત વર્ષોથી પ્રચલિત છે. માનવ જીવનમાં દરેક પ્રકારની અખંડ શાંતિ માટે આ કહેવતને ચરિતાર્થ કરવી અત્યંત આવશ્યક છે. સત્‌યુગના જમાનામાં કુટુંબ-પરિવારના સભ્યો વચ્ચે પરસ્પર જે સ્નેહ, લાગણી, વિવેક, મર્યાદા, સયંમ, ત્યાગ, દયા વિગેરે સદ્‌ગુણોની પ્રત્યક્ષ હાજરીને કારણે પરિવારમાં અખંડ સંપ જળવાતો હતો. આવી સંપની ભાવનાથી સાથે રહેતા કુટુંબ સભ્યોમાં અખંડ જપ એટલે કે અખંડ શાંતિ રહેતી હતી. આ અખંડ શાંતિ, શારીરિક, માનસિક, આર્થિક, વ્યવહારિક, આધ્યાત્મિક વગેરે દરેક પ્રકારની રહેતી. તેથી જ કહેવત પડી છે કે ''સંપ ત્યાં જંપ''. આજનું માનવ જીવન એટલે કુટુંબ વ્યવસ્થામાં પરોવાયેલું સમગ્ર વિશ્વ. આજના આધુનિક સંદેશા વ્યવહારના સાધનો, માર્ગ અને વાહન વ્યવહારની અનુકૂળતા વગેરેના કારણે આજે સમગ્ર વિશ્વના દેશો એકબીજાની ખૂબ નજીક આવી ગયા છે. સમગ્ર વિશ્વ જાણે એક નાનું કુટુંબ બની ગયું છે.

આજના કળિયુગમાં મોબાઈલ, ટી.વી. વિડિયો, ઈન્ટરનેટ કમ્પ્યૂટર જેવા આધુનિક સાધનોના સુનામી વાવાઝોડા જેવા આક્રમણ સામે ઝઝુમતા માનવ જીવનમાં કોઈપણ પ્રકારની શાંતિ પ્રાપ્ત થવી એ અત્યંત દુષ્કર બાબત બની ગઈ છે. આજનું માનવ જીવન અશાંતિના અખંડ અગ્નિમાં શેકાય છે. અને સાચી શાંતિ પ્રાપ્ત કરવા માટે લવાઝખા કરે છે. આવી અખંડ અશાંતિના કારણે માનવ જીવન કૃત્રિમ આનંદ, સંતોષ, અને શાંતિ પ્રાપ્ત કરવા માટે કુસંગ, કુટેવો અને વ્યસનોમાં ફસાઈ જાય છે. આવી રીતે કૃત્રિમ શાંતિ પ્રાપ્ત કરવાના પ્રયત્નોમાં ફસાયેલું માનવ જીવન ડાયાબીટીશ, બ્લડ પ્રેશર, કેન્સર વગેરે જેવા જીવલેણ રોગોનો શિકાર બને છે. આવા જીવલેણ રોગોના શિકારથી માનવી અત્યંત ચીડિયો, અભિમાની, ક્રોધી, કજીયાખોર અને અત્યંત અશાંત બની જતા ક્યારેક કોઈનું ખૂન કરી જેલમાં જાય છે. અથવા કોઈપણ રીતે આપઘાત કરી પોતાના જીવનનો અંત આણે છે. આવા રોગના નિવારણ માટે સૌથી મુખ્ય ઔષધ જો કોઈ હોય તો તે છે ''સંપ''.

આ જમાનામાં આજે આપણે જોઈએ છીએ કે બાપથી જન્મેલા ભાઈઓ વચ્ચે મતભેદ થાય છે. જર, જમીન ને જોરૂ આ ત્રણેય કજીયાના છોરૂ. આ કહેવતના અનુસંધાને કહી શકાય કે ભાઈઓ વચ્ચે આ ત્રણને કારણે જ ઝઘડા થાય છે ને કુટુંબમાં કુસંપના બીજ રોપાય છે.

''મારૂં ને તારૂ'' આ બે શબ્દો ભાઈઓ વચ્ચે ભેદ પાડી દે છે. આ મારી આવક આ તારી આવક, આ મારા છોકરા, આ તારા છોકરા, આ તારૂં ઘર આ મારૂં ઘર. આવી ભાવના થાય ત્યારે કુસંપનો પ્રવેશ થાય છે. મારૂં ને તારૂં એ કાતરના બે પાંખિયા છે. આ પાંખિયા એ ભાઈઓ વચ્ચેના સંબંધને કાપી નાખ્યા છે. કાતર ક્યારેય સીવવાનું કામ ન કરે, ક્યારેય સાંધવાનું કામ ન કરે. માટે સોય દોરાનું કામ કરવું. જેથી ભાઈઓ, કુટુંબો વચ્ચેના સંબંધો જોડાય, સંધાય છે.

જે ઘરમાં સત્સંગના સંસ્કારો હોય તે ઘરમાં સંપ હોય જ. ને જ્યાં સંપ હોય ત્યાં ભોજન સાત્વિક હોય, કુસંપ હોય ત્યાં ભોજન રાજસી અને તામસી હોય છે. કુસંપ હોય ત્યાં ભગવાન થાળ જમતા નથી. આજના જમાનામાં માનવીના મનમાં કળિયુગની અસરને કારણે ભયંકર આંટીઓ હોય છે. જેના કારણે અહંકારી અને અભિમાની માનવી પોતે દુઃખી થવા તૈયાર છે. પણ સમાધાન કરી ઝુકી જવા તૈયાર નથી. આજે સગો બાપ પોતાના દીકરાને કાંઈ કહી શકતા નથી. દીકરો કાંઈ અવળું અને અઘટિત કાર્ય કરે છતાં બાપ તેને વઢી શકતા નથી. બાપ કાંઈ કહે તો દીકરો તરત બાપને ફૂંફાડો મારે કે ''બેસો છાનામાના તમને શી સમજણ પડે. આવા શબ્દો સાંભળી, બાપ વિચારે જે મને સમજણ ન પડી માટે જ તને મોટો કર્યો !'' આવા કળિયુગી દીકરાઓ હોય તો બાપને કેવી અશાંતિ રહેતી હશે. પછી કુસંપ અને વેરના બીજ ઉગીને વધતા જાય છે. માટે પરિવારમાં સભ્યો વચ્ચે સંપ, પ્રેમ, લાગણી, સ્નેહ, વગેરે દિવ્ય ગુણો, સદ્‌ગુણો વિદાય થઈ જાય છે. દુર્ગુણો ઘરમાં નિવાસ કરીને રહે છે. માટે

(અનુસંધાન પેજ નં. ૨૩ પર)



પ્રસાદીભૂત ગવાડા
શ્રી સ્વામિનારાયણ મંદિરનો
૩૧મો પાટોત્સવ
શ્રી નરનારાયણ દેવની જય......
શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા
ગામ સફાઈ અભિયાન

# શ્રી સ્વામિનારાયણ મંદિર ભીમપુરાનો પંચમ્ પાટોત્સવ


























ચૌધરી સમાજનું ચોખડું







# પ્રસાદીભૂત ગવાડા શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૩૧મો પાટોત્સવ



શોભાયાત્રા

# આનંદની હેલી

## ઠકરાણી ખુલ્લાં પગે કેમ ?

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

ગઢપુરમાં ઉગમણા બારની ઓંસરીએ સાંગા માચી પર બિરાજમાન સ્વરૂપ આજે ઉદાસ છે. આમ તો સૌને આનંદ દેનારા એ જ છે. છતાં આજે એમની ઉદાસીનતા અકારણ તો નથી જ.

ઉદાસીનતા તો કેવી ? કોઈને બોલાવે નહિ, સ્વયં બોલે નહિ. બસ આમને આમ બેસી જ રહ્યાં. સાંજનો સમય થયો. થાળનો વખત થયો. એટલે મુકુંદ બ્રહ્મચારી મહારાજને બોલાવવા આવ્યા. મહારાજ ! જમવા પધારો. આમ બેસી રહેશો તો રસોઈ ઠંડી થઈ જશે. અરે પ્રભુ ! ન કરે નારાયણને બિલાડું રસોઈ બગાડે ! અરે ! આ તો ધ્યાનમગ્ન છે. બિલકુલ સાંભળતા જ નથી. મુક્તાનંદ સ્વામીને વાત કરી. તો સ્વામીએ પણ બહુ સમજાવ્યા. સ્તુતિ કરી છતાં પ્રભુએ સામુંય જોયું નહિ, પ્રેમાનંદ સ્વામીએ પણ બહુ યુક્તિઓ કરી. બહુ નાચ્યા. અરે ! મહારાજની નાભિમાં મુખ નાંખીને કુકડી કુક કર્યું. રિઝવવાના અનેક પ્રયત્નો કર્યા તો લોકોની ભીડ જામી ગઈ. પણ મહાપ્રભુ એક અક્ષરેય ન ઉચર્યા.

વારો આવ્યો બ્રહ્માનંદ સ્વામીનો ! સ્વામીએ અસલ વેષ કાઢ્યો. પોતાના ધોતિયાની પાટલી કાઢી અને માથે ઓઢીને લાજ કાઢી. પ્રભુને રિઝવવા એક નારીનો વેશ કાઢીને સ્વામી આમથી તેમ આંટા મારવા લાગ્યા. સંતોમાં ચડભડ ચાલુ થઈ કે આ કઈ બાઈ છે. આમ આંટા મારે છે અરે ! આપણને ઉપવાસ પડાવશે. આમ સભામાં થોડો થોડો ગણગણાટ ચાલું થઈ ગયો. આ જોઈને મહારાજથી રહેવાયું નહિ. ઉંચુ જોઈને બોલ્યા, 'ઠકરાણી આમ ખુલ્લાં પગે ક્યાં હેંડ્યા ?' લાજ કાઢીને સ્વામી બોલ્યા, 'ઠાકોર વાવણી કરે છે ત્યાં.' ત્યારે હસતા હસતા પ્રભુ બોલ્યા 'પણ પગપાળા કેમ ? કાંઈ ઘોડું બોડું નથી ?' ના ઠાકોર, સાહેબ ઉઘરાણી કરવા ગયા છે તે ઘોડું લઈ ગયા છે.' જવાબ સાંભળીને પ્રભુ ખૂબ હસ્યા. સભામાં આનંદ આનંદ છવાઈ ગયો. ત્યાં મુકુંદ બ્રહ્મચારી બોલાવવા આવ્યા એટલે પ્રભુ જમવા પધાર્યા.

(અનુસંધાન પેજ નં. ૧૮ નું)

જીવનમાં હમેંશા દિવાલ જેવા નહીં પણ પુલ જેવા બનવું. આજના કળિયુગમાં જ્યાં પરમાત્માની કૃપા હશે ત્યાં જ સંપ, સદાચાર, નિતી, સયંમ, સેવા, દયા, ત્યાગ, પરોપકાર, નિર્માનીપણું, નિઃસ્વાર્થીપણું વગેરે દિવ્ય સદ્‌ગુણો પ્રવર્તતા હશે. અને સંપ ને શાંતિ પ્રવર્તતી હશે. આપણા સમગ્ર જીવનમાં અખંડ સંપ ને એકતા રાખવાની ખાસ જરૂર છે. જો સત્‌પુરુષના સત્સંગનો કાયમ યોગ આપણને પ્રાપ્ત થાય તો જ આપણા પરિવારમાં અને સમગ્ર સત્સંગ પરિવારમાં સર્વેને દિવ્ય સમજણ અને દિવ્ય શક્તિ પ્રાપ્ત થાય છે.

રામાયણમાં પણ તુલસીદાસજીએ કહ્યું છે જે......

**"જહાં સુસંપ તહા સંપતિ નાના**
**જહૌં કુસંપ તહા વિપત્તિ નિદાના"**

એટલે જ્યાં સંપ હશે ત્યાં નાના પ્રકારની સંપતિઓ આવીને ચોક્કસ રહે છે. ને જ્યાં કુસંપ હશે ત્યાં અનેક પ્રકારની વિપત્તિઓ ચોકસ આવશે. જેમ તીરનો ભાથો ભરેલો હશે ત્યાં સુધી તેને ભાંગવા કોઈ સમર્થ નહી થાય. પણ તે તીર જો એક એક જુદા થશે તો નાના છોકરાઓ પણ તે તીરને રમતામાં ભાંગી નાખશે. વળી સુતરના જે ઝીણા ત્રાગડાઓનું જાડું નાડું બનાવશે તો તેનાથી હાથી જેવું બળવાન જનાવર બંધાશે પણ તેજ ત્રાગડા છુટા પડશે તો સહુ કોઈ તેને તોડી નાખશે. તોડતા વાર પણ નહિ લાગે. તેથી સ્વામિનારાયણ ભગવાન પણ કહ્યું છે જે સહુ સાધુ, બ્રહ્મચારી, પાર્ષદો અને હરિભક્ત બાઈ-ભાઈ સંપ રાખીને અમારી લખેલી શિક્ષાપત્રી પ્રમાણે વર્તજો ને ધર્મની બાંધેલી મર્યાદામાં રહી આચાર્ય મહારાજશ્રીની આજ્ઞામાં તેમજ પ.પૂ. ગાદીવાળાશ્રી જેમ કહે તેમ સહુ વર્તજો. શરીર તો નાશવંત છે. માટે કુસંપથી દૂર રહેવું. કુસંપથી તો સદ્‌ગુણોનો નાશ થાય છે ને અપકીર્તિ થાય છે. ને હૃદયની શુભ ભાવનાઓ નાશ પામે છે. મનભેદ તથા રાગ-દ્વેષ, વેર-ઝેર, માન-ઈર્ષ્યા આદિ દુર્ગુણોની વૃધ્ધિ થાય છે. એટલે જ્યાં કુસંપ ત્યાં સદાય ધરતીકંપ થાય છે. એટલે કે કુસંપના કારણે આપણા વ્યક્તિગત જીવનમાં કુટુંબ જીવનમાં, ધરતીકંપ રૂપી અશાંતિ પેદા થાય છે. માટે આપે કુસંપ રૂપી ધરતીકંપના વાતાવરણના સર્જન માટે ક્યારેય પણ નિમિત્ત ન બનીએ. ને આપણા જીવનમાં અખંડ સંપ ને અખંડ સત્સંગ નો કાયમ યોગ આપણને પ્રાપ્ત થાય એવી પરમ કૃપાળુ પરમાત્મા સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણ કમળમાં કરબદ્ધ પ્રાર્થના કરીએ.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વા. મંદિર, જેતલપુર)

પ્ર. ૧ ''સભા માં જાઉ ત્યારે મારું નામ લઈને બોલાવે અને શાસ્ત્રમાં લખ્યું છે કે પરમાત્માના ચરણમાં સોળ ચિહ્ન હોય એ મને પોતાના ચરણ લાંબા કરીને બતાવે. આટલું જો થાય તો હું એમના ચરણમાં માથું મૂકી દઉં.'' આવો શુભ સંકલ્પ અમદાવાદ માં કોણે કર્યો હતો ?

પ્ર. ૨ બ્ર. અવિનાશાનંદજી નું પુર્વાશ્રમનું નામ શું હતું ?

પ્ર. ૩ બ્ર. અવિનાશાનંદજી એ રચેલ શાસ્ત્રો કયાં કયાં ?

પ્ર. ૪ ''ભગવાનની ભક્તિ કરવીએ શ્રદ્ધાએ સહિત અને ઈર્ષાએ રહિત કરવી'' આ ઉક્તિ કોણે કહી છે.

પ્ર. ૫ ''કોઈ ની પણ ગૃહ્યવાર્તા તે તો કોઈ ઠેકાણે પ્રકાશ કરવી જ નહિ.'' સ્વામિનારાયણ ભગવાને આવી આજ્ઞા ક્યાં કરી છે ?

પ્ર. ૬ પૂજાનું આદર્શ આસન કેવું હોવું જોઈએ. સહજાનંદસ્વામીના મત પ્રમાણે ?

પ્ર. ૭ ''મૂર્તિ ચંચળ જુવો ચટકતી ચાલ રે,નેતર છડી કરમાં ફુમકિયાળી લાલ રે'' અદ્‌ભુત રચના કોની છે જેમાં શ્રીહરિની મૂર્તિનું સુંદર વર્ણન કરેલ છે ?

## ફેબ્રુઆરી-૨૦૧૩ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) અતળ, વિતળ, સુતળ, તળાતળ, મહાતળ, રસાતળ, પાતાળ (૨) નળબંધ વાયું નું દર્દ હતું. (૩) ૬,૮૪,૦૦૦ (૪) દસ શેર બાજરીનો લોટ અને આઠ આના ના રીંગણ (૫) ''તમે અમારી સેવા કરી છે માટે, તમે સર્વે બદ્રિકાશ્રમમાં જાઓ. ત્યાં તપ કરી પછી તમે મારા ધામને પામશો.'' (૬) ગાય, અગ્નિ, ફલગું નદી, કેતકીનું વૃક્ષ. (૭) સ.ગુ. પ્રેમાનંદ સ્વામી

૧. પટેલ કોકિલાબેન ઘનશ્યામભાઈ (વડુ)
૨. પટેલ સુભદ્રાબેન અમૃતભાઈ (વડુ)
૩. પટેલ દિપીકા (લુણાવાડા)
૪. ઘર સભા બહેનો (લુણાવાડા)
૫. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૬. સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૭. પટેલ જયંતીભાઈ હીરાભાઈ (વહેલાલ)
૮. પટેલ શકરીબેન ભગત (બાઈઓનું મંદિર) (વડુ)
૯. ડાભી પ્રભાતસિંહ કેશરજી (ડાંગરવા)
૧૦. ગાંધી જ્યોત્સના એચ. (સુરેન્દ્રનગર)
૧૧. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૧૨. પટેલ ભક્તિભાઈ ભોળાભાઈ (ઝુલાસણ)
૧૩. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આનંદપુરા-કડી)
૧૪. શ્રી નરનારાયણદેવ બાળ મંડળ (પંચવટી-કલોલ)
૧૫. પટેલ અલકાબેન દિનેશચંદ્ર, ઘનશ્યામ મહિલા મંડળ (લુણાવાડા)
૧૬. પટેલ અનિતાબેન હરિપ્રસાદ ઘનશ્યામ મં. (લુણાવાડા)
૧૭. ભાવસાર પલ્લવીબેન શકરીબેન (લાંધણજ)
૧૮. ભાવસાર સુમિત્રાબેન (વિસનગર)
૧૯. ભાવસાર કપિલાબેન (લાંધણજ)
૨૦. ભાવસાર વસંતીબા, પટેલ ડહીબેન (લાંધણજ)
૨૧. પટેલ વિઠ્ઠલભાઈ મગનદાસ (રાણીપ-અમદાવાદ)
૨૨. પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૨૩. પટેલ વિનોદભાઈ વી. (વહેલાલ)
૨૪. ઠક્કર રીટાબેન જયેશકુમાર (વસ્ત્રાપુર)
૨૫. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૨૬. સાં.યો. રંજનબા તથા નાનીબેન (શ્રી સ્વા. મંદિર બહેનોનું વિરાટનગર)
૨૭. પલાસ શશીકાન્તભાઈ (ગોધરા)
૨૮. પટેલ લીલાબેન સી. (ગોધરા)
૨૯. સોની દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૩૦. ચોકસી ઈલાબેન નરેન્દ્રભાઈ (દરિયાપુર)
૩૧. પટેલ અંજનાબેન મનુભાઈ (નાંદોલ)
૩૨. પટેલ સાકરબેન નટવરભાઈ (નાંદોલ)
૩૩. શ્રી સ્વા. મંદિર નરનારાયણદેવ યુવક મંડળ (બાપુનગર)
૩૪. ભાવસાર અરવિંદાબેન નરેશભાઈ (ચાંદલોડીયા)
૩૫. ભાવસાર વીણાબેન આર. (નવરંગપુરા)
૩૬. સાં.યો. ભારતીબા, મંજુબા (કાલુપુર સ્વા. મંદિર હવેલી)
૩૭. પંચાલ વંદના (નારણપુરા)
૩૮. સાં.યો. શીલ્પાબા, શીતલબા (કાલુપુર સ્વા. મંદિર હવેલી)
૩૯. સાં.યો. કંચનબા, હીરાબા, ભગવતીબા (ધ્રાંગધ્રા)
૪૦. તૃપ્તિબેન તથા કંચનબેન બી. પટેલ (રતનપર)
૪૧. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૪૨. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)
૪૩. શ્રી સ્વામિનારાયણ મંદિર બહેનોનું જુનું (મોરબી)
૪૪. ખંધેડિયા ભાવનાબેન કમલેશકુમાર (મોરબી)
૪૫. વિઠ્ઠલપરા અમરસીભાઈ વી. (નવસારી)
૪૬. પટેલ વિષ્ણુભાઈ જીવાભાઈ (સીતાપુર)
૪૭. ભક્તિ મંડળ હર્ષાબેન (કઠાડા)
૪૮. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૪૯ પટેલ ગોરધનભાઈ શંકરદાસ (સોજા)

# સત્સંગ સમાચાર

### જામફળવાડી (રામોલ)માં નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહામહોત્સવ ઉજવાયો

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળની આજ્ઞા અને આશીર્વાદ થી તેમજ સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી તથા પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) ની પ્રેરણાથી અને જામફળવાડી વિસ્તારના સર્વ ભક્તોના સાથ સહકાર અને સેવાથી તા. ૩-૨-૧૩ થી તા. ૭-૨-૧૩ ગુરુવાર પર્યંત નૂતન મંદિર મૂર્તિ પ્રતિષ્ઠા મહામહોત્સવ શ્રી સ્વામિનારાયણ મંદિર જામફળવાડીમાં ઉજવાયો.

મહામહોત્સવ અંગભૂત શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણનું સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી તથા સ.ગુ.શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર ગુરુકુળ) બિરાજી ભક્તોને કથામૃતનું પાન કરાવ્યું હતું. મહામહોત્સવ અંગભૂત બીજા ઘણા નાના મોટા આયોજન થયેલ. જેમાં પોથીયાત્રા, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, પ્રતિષ્ઠા યજ્ઞ, અખંડ ધૂન, રુક્ષ્મણી વિવાહ, વ્યસનમુક્તિ અભિયાન, નગરયાત્રા, અન્નકૂટ દર્શન, શોભાયાત્રા આદિક પ્રસંગો ધામધૂમથી ઉજવાયા હતા. પ.પૂ. મહારાજશ્રી કથા પૂર્ણાહુતિ પ્રસંગે પધાર્યા હતા અને સર્વેને દર્શન અને આશીર્વાદ આપ્યા હતા અને આવા ભગીરથ કાર્ય બદલ સંતો તથા ભક્તોને ધન્યવાદ પાઠવ્યા હતા. મહોત્સવ દરમિયાન બહેનોને આશીર્વાદ આપવા પ.પૂ. ગાદીવાળાશ્રી પણ પધાર્યા હતા. પ્રસંગ દરમ્યાન ધામોધામથી સંતો પણ પધાર્યા હતા. જેમાં સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (કાલુપુર મહંતશ્રી), સ.ગુ.સ્વા. લક્ષ્મણજીવનદાસજી (એપ્રોચ), બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, સ્વા. નીલકંઠચરણદાસજી, શા.સ્વા. આનંદપ્રિયદાસજી (મહાદેવનગર), સ્વા. હરિકૃષ્ણદાસજી (એપ્રોચ), સ્વા. કુંજવિહારીદાસજી, સ્વા. ધર્મસ્વરૂપદાસજી, સ્વા. દિવ્યપ્રકાશકાશદાસજી, માધવ સ્વામી આદિ સંતો પધાર્યા હતા. સભાના સંચાલક શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજી રહ્યાં હતા. પ્રસંગ દરમ્યાન અમદાવાદ શહેરના તથા આજુબાજના વિસ્તારના ઘણા ભક્તોએ પ્રસંગને ખૂબ માણ્યો હતો. મહાદેવનગર સત્સંગ સમાજના સર્વે ભક્તોએ ખૂબ સુંદર સેવા કરી ભગવાનનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. પ્રસંગ દરમ્યાન શ્રી નરનારાયણદેવ યુવક મંડળ જામફળવાડી તથા મહાદેવનગરની સેવા પ્રસંશનીય હતી. મહોત્સવ કમિટીના સર્વે ભક્તોને સુંદર આયોજન કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. (સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી)

### વરસોડામાં પાટોત્સવ પ્રસંગે પારાયણનું આયોજન

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં તા. ૫-૨-૧૩ થી તા. ૯-૨-૧૩ પર્યંત શ્રી સ્વામિનારાયણ મંદિર વરસોડાના પાટોત્સવ તથા શાકોત્સવની સાથોસાથ શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણનું આયોજન કર્યું હતું.

સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી અને શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) ની પ્રેરણાથી સુંદર આયોજન થયેલ. જેમાં સ.ગુ. શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) વકતાપદે બિરાજ્યાં હતા અને ભક્તોને સત્સંગિજીવનની કથાનું રસપાન કરાવ્યું હતું. ગામના સર્વે ક્ષત્રિય ભક્તોના સાથ સહકાર અને સેવાથી ઘણા નાના મોટા પ્રસંગ પણ પારાયણ દરમ્યાન ઉજવાયા હતા. છેલ્લા દિવસે પ.પૂ. લાલજી મહારાજશ્રી મંદિરે પધાર્યા અને અન્નકૂટની આરતી ઉતારી શોભાયાત્રામાં જોડાયા હતા અને ત્યારબાદ સભામાં પધારી કથાની પૂર્ણાહુતિ તથા શાકોત્સવની ઉજવણી કરી હતી. પારાયણ દરમ્યાન ઘણા સંતો પધાર્યા હતા. જેમાં સ.ગુ.શા. સ્વા. હરિકૃષ્ણદાસજી (કાલુપુર મહંતશ્રી), શા.સ્વા. નારાયણવલ્લભદાસજી, બ્ર. સ્વા. રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી, માધવ સ્વામી, દિવ્યપ્રકાશ સ્વામી, કૂંજ સ્વામી આદિ સંતો પધાર્યા હતા. છેલ્લે પ.પૂ. લાલજી મહારાજશ્રીના આશીર્વાદ લઈ હરિભક્તો શાકોત્સવનો પ્રસાદ લેવા પધાર્યા હતા. દરબારી ગામ વરસોડામાં સર્વે દરબારી ભક્તોની સેવા અને સત્સંગ જોઈ પ.પૂ. લાલજી મહારાજશ્રી ખૂબ રાજી થયા હતા. (સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, કોટેશ્વર ગુરુકુળ)

### ગવાડામાં ઉજવાયો ૩૧ મો વાર્ષિક પાટોત્સવ

અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વા. દેવપ્રકાશદાસજી અને સ.ગુ.શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) ની પ્રેરણાથી શ્રી સ્વામિનારાયણ મંદિર ગવાડાનો ૩૧ મો વાર્ષિક પાટોત્સવ તથા શ્રી હનુમાનજી મહારાજ તથા

શ્રી ગણપતિજી મહારાજનો પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૩-૨-૧૩ થી તા. ૧૭-૨-૧૩ પર્યંત ગવાડા ગામમાં ધામધૂમથી ઉજવાયો.

મહામહોત્સવના ઉપલક્ષમાં ઘણા કાર્યક્રમોનું આયોજન થયેલ. જેમાં શ્રીમદ્ સત્સંગિજીવન પારાયણ, શ્રી ઘનશ્યામ જન્મોત્સવ, ૩૧ ગામડે સત્સંગ સભા, સહિતા પાઠ, ૩૧ કલાકની અખંડ ધૂન, ૩૧ પાટલા હરિયાગના, વ્યસન મુક્તિ અભિયાન, ૩૧ નવી પૂજા આપવાની વિધિ, બ્લડ કેમ્પ, મેડિકલ કેમ્પ, પ્રદર્શન, ૩૧ લાખથી વધુ સ્વામિનારાયણ મહામંત્ર લેખન, અન્નકૂટ, નગરયાત્રા, અભિષેક, શોભાયાત્રા, રાત્રીય સાંસ્કૃતિક કાર્યક્રમ, ગામ સફાઈ, આદિ કાર્યક્રમોની ઉજવણી મહામહોત્સવના ઉપલક્ષમાં થઈ હતી. જેમાં સત્સંગિજીવન પારાયણના વક્તાપદે સ.ગુ.શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર) બિરાજ્યાં હતાં. સાથો સાથ વ્યાખ્યાન માળાનું પણ સંતો દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રથમ દિવસે જ પૂ. સંતોના વરદ્ હસ્તે મહામહોત્સવનું દીપપ્રાગટ્ય થયું અને ત્યારબાદ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરી ખુલ્લું મૂકવામાં આવ્યું અને ત્યારબાદ યશસ્વી યજમાનશ્રી દ્વારા ઠાકોરજી તથા પોથી અને સંહિતાપાઠી પોથીનું પૂજન અર્ચન આરતી કરી કથાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કથાના પ્રારંભમાં સ.ગુ.શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (કાલુપુર મહંતશ્રી) તથા શા.સ્વા. નારાયણવલ્લદાસજીએ મંગલ ઉદ્‌બોધન દ્વારા આશીર્વાદ આપ્યા હતા. પ્રથમ દિવસે શ્રી ઘનશ્યામ જન્મોત્સવની ઉજવણી અતિ ધામધૂમથી કરી હતી. ત્યારબાદ ત્રીજા દિવસે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારના સત્રમાં સભામાં પધાર્યા હતા. અને મંગલ આશીર્વાદ ભક્તોને અને યશસ્વી યજમાનોને પાઠવ્યા હતા. સાથોસાથ શાકોત્સવની ઉજવણી પણ ભવ્યાતિ ભવ્ય રીતે કરવામાં આવી હતી અને ત્યારબાદ ચોથા દિવસે પ.પૂ. લાલજી મહારાજશ્રી પધાર્યા હતા અને ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. બીજી બાજુ બહેનોની સભામાં પ.પૂ. ગાદીવાળાશ્રી એ પણ બહેનોને દર્શન તથા આશીર્વાદનું સુખ આપ્યું હતું. સાંજના સત્રમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા ઉત્સવ કથામાં ધામધૂમથી ઉજવ્યો હતો અને સાંજના સમયે શ્રી હનુમાનજી મહારાજ અને શ્રી ગણપતિજી મહારાજની નગરયાત્રા ધામધૂમ થી કાઢવામાં આવી હતી. દરરોજ રાત્રીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. છેલ્લા દિવસે પ.પૂ. મહારાજશ્રીની ભવ્ય શોભાયાત્રા બાદ પ.પૂ. મહારાજશ્રીએ શ્રી હનુમાનજી મહારાજ અને શ્રી ગણપતિજી મહારાજની પ્રતિષ્ઠા વિધિ કર્યા બાદ અન્નકૂટની આરતી ઉતારી સભામાં પધાર્યા હતા. અને સભામાં સર્વે યશસ્વી યજમાનોને પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે પ્રસાદીની મૂર્તિ ભેટ સ્વરૂપમાં મળેલ અને છેલ્લે પૂ. મહારાજશ્રીએ સૌ ભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા.

પાટોત્સવ તથા મહામહોત્સવના યજમાનશ્રી અ.નિ. વાલજીભાઈ બાલચંદદાસ કોઠારી પરિવાર હ. પુરુષોત્તમભાઈ, અમૃતભાઈ, અ.નિ. ગોપાલભાઈ જયંતિભાઈ, રમેશભાઈ અને કથાના મુખ્ય યજમાનશ્રી પ.ભ. અ.નિ. બાભઈદાસ પરસોતમદાસ (મહાલક્ષ્મી પરિવાર) હ. ડાહ્યાભાઈ, કાન્તિભાઈ, અંબાલાલભાઈ, અને ગોવિંદભાઈ બન્ને પરિવારે ખૂબ મોટો લાભ લીધો હતો. સાથોસાથ ગામના સર્વે ભક્તોએ ભેગા મળી નાની મોટી તન, મન, ધનથી સેવા સ્વીકારી સુંદર આયોજન કરેલ.

મહામહોત્સવ દરમિયાન ધામોધામથી સંતો પધારેલ. જેમાં અમદવાાદ, મૂળી, જૂનાગઢ, વડતાલ આદિક ધામોથી સંતોએ પધારી દર્શન અને આશીર્વાદનો લાભ આપ્યો હતો. આ પ્રસંગમાં સ્વામી વ્રજભૂષણદાસજી, દિવ્યપ્રકાશ સ્વામી, માધવ સ્વામી, મુનિ સ્વામી, ઋષિ સ્વામી, ધર્મસ્વરૂપ સ્વામી, નીલકંઠ સ્વામી, બાલુ સ્વામી આદિ સંતો વ્યવસ્થામાં હતાં. જેમણે મહોત્સવની સારી એવી વ્યવસ્થા કરી હતી. સભાના સંચાલક સ.ગુ.શા.સ્વામી ચૈતન્યસ્વરૂપદાસજી રહ્યા હતા.

(સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, કોટેશ્વર ગુરુકુળ)

**ભીમપુરા (માણસા) માં ઉજવાયો ૫ મો પાટોત્સવ**

ભીમપુરા ગામને આંગણે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજતાં શ્રી રામ-શ્યામ-ઘનશ્યામ મહારાજનો પંચમ વાર્ષિક પાટોત્સવ તા. ૨૦-૨-૨૦૧૩ થી તા. ૨૪-૨-૧૩ પર્યંત પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા અને આશીર્વાદથી તથા સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તેમજ સ.ગુ.સ્વા. દેવપ્રકાશદાસજી તથા સ.ગુ. શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવ મહામહોત્સવના ઉપલક્ષમાં ઘણા નાના મોટા કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ, ૫ થી વધુ ગામડે સત્સંગ સભા, સહિતા પાઠ, નૂતન શિખર કળશ સ્થાપન વિધિ, ૫ કલાકની અખંડ ધૂન, વ્યસન મુક્તિ અભિયાન, મેડિકલ કેમ્પ, બ્લડ કેમ્પ, ૫ લાખ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખન પ્રદર્શન, અન્નકૂટ, અભિષેક, રૂક્ષ્મણી વિવાહ, ગામ સફાઈ, શોભાયાત્રા આદિ પ્રસંગોની ઉજવણી ભવ્યાતિભવ્ય રીતે થઈ હતી. જેમાં શ્રીમદ્ ભાગવત પંચાન્હ પારાયણના વક્તા પદે સ.ગુ.શા. સ્વા. રામકૃષ્ણદાસજી તથા સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી (કોટેશ્વર)એ બિરાજીને કથા સર્વે ભક્તોને કથામૃતનું રસપાન કરાવેલ.

મહામહોત્સવના પ્રથમ દિવસે જ પ.પૂ. મોટા મહારાજશ્રી

સાથે કાલુપુર મંદિરના મહંતશ્રી સ.ગુ.શા. સ્વામી હરિકૃષ્ણદાસજી આદિ સંત મંડળ કથાના પ્રારંભમાં જ પધાર્યા હતા. અને પોથીયાત્રા બાદ મહંતશ્રીના વરદ્ હસ્તે પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે કથાનો પ્રારંભ થયો. સત્સંગ સમાજ સમક્ષ 'કીર્તન વંદના' સીડી અને કીર્તન ગંગાનું વિમોચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પધારનાર સંતોની પ્રેરકવાણી અને છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. દરરોજ આજુબાજુના ગામના ઘણા ભક્તો પધારીને કથાવાર્તાનો લાભ પ્રાપ્ત કરવા હતા. શ્રીકૃષ્ણ જન્મોત્સવ, રૂક્ષ્મણી વિવાહ આદિ ઉત્સવો તો કથા પ્રસંગ અંતર્ગત ધામધૂમથી ઉજવ્યા હતા. પૂર્ણાહુતિ પ્રસંગે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી અને બહેનોના ગુરુ એવા પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રી મહોત્સવમાં પધાર્યા હતા. ભવ્ય શોભાયાત્રા બાદ પ.પૂ. મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી કથા પૂર્ણાહૂતિ કરવા સભા મંડપમાં પધાર્યા હતા અને બહેનોની સભામાં પણ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ દર્શન આશીર્વાદનો લાભ આપ્યો હતો. કથા પૂર્ણાહુતિ બાદ પૂ. મહારાજશ્રી આ સમગ્ર મહોત્સવના યજમાન એવા અ.નિ. દલસંગભાઈ વિરસંગભાઈ ચૌધરી પરિવાર હ. ભરતભાઈ આદિ પરિવારજનોને અંતરના આશીર્વાદ આપ્યા હતા. પ્રસંગ દરમ્યાન અમદાવાદ, મૂળી, જૂનાગઢ, વડતાલ આદિ ધામોથી સંતો પધાર્યા હતા. જેમાં હરિકેશવ શાસ્ત્રી સ્વામી પણ ત્રીજા દિવસે યજમાન પરિવારને આશીર્વાદ આપવા પધાર્યા હતા. છેલ્લે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીએ મનનીય પ્રવચન દ્વારા આશીર્વાદ આપ્યા હતા.

સાથોસાથ મહોત્સવના છેલ્લા દિવસે યજમાનશ્રીના પરિવારજનો દ્વારા સમસ્ત ૨૭ ગોળ ચૌધરી (આંજણા) સમાજનું સ્નેહ મિલન રાખવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ચૌધરી પરિવારના ભક્તો પધાર્યા હતા. સમગ્ર મહોત્સવનું લાઈવ ટેલીકાસ્ટ મંદિરની વેબસાઈટ પર લાઈવ કરવામાં આવ્યું હતું. જેનાથી વિદેશમાં રહેતા ભક્તોએ મહોત્સવના દર્શનનો લાભ લીધો હતો.

મહામહોત્સવની વ્યવસ્થા કમિટીમાં ઘણા સંતો અને ભક્તોએ સેવા સ્વીકારી ઉત્સવને દિપાવ્યો હતો. જેમાં સંતોમાં વ્રજવલ્લભ સ્વામી, દિવ્યપ્રકાશ સ્વામી, માધવ સ્વામી, કુંજ સ્વામી, ઋષિ સ્વામી, વ્રજભૂષણ સ્વામી આદિ સંતોએ ખૂબ સારી વ્યવસ્થા સંભાળી હતી. આમ તો, નામી અનામી સર્વે સંતો ભક્તોએ ખૂબ સારી સેવા કરી હતી. એમાંય શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-ભીમપુરાની સેવા પ્રશંસનીય હતી. (સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, કોટેશ્વર ગુરુકુળ)

**સિંઘાલી શ્રી સ્વામિનારાયણ મંદિર નો પંદર મો વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ ઉજવાયો**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી તથા સ. ગુ .શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણા થી ગામ સિંઘાલી માં બિરાજમાન ભગવાન સ્વામિનારાયણ, શ્રી નરનારાયણ દેવ, શ્રી રાધાકૃષ્ણદેવ આદિ દેવો નો પંદરમો વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ તા.૨૧-૨-૧૩ ના ગુરૂવારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ના વરદ્ હસ્તે શાસ્ત્રોકત વિધિસર ધામધૂમ થી ઉજવવામા આવ્યો હતો. આ પ્રસંગે તા. ૧૯-૨-૧૩ થી ૨૧-૨-૧૩ સુધી ત્રિદિનાત્મક મહાવિષ્ણુયાગ નું આયોજન કરવામાં આવ્યું હતું.તા.૨૧-૨-૧૩ ના રોજ પ્રથમ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી નું ભવ્ય સ્વાગત સામૈયું શોભાયાત્રા ના રૂપમાં વાજતેગાજતે કર્યું હતું. ત્યાર બાદ મંદિર માં ઠાકોરજી ની મહાપૂજા તથા મહા અભિષેક,છપ્પનભોગ આરતી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ના વરદ્ હસ્તે કરવામાં આવી હતી. પ્રાસંગિક સત્સંગ સભામાં મોટી સંખ્યામાં ભક્તો ની સભામાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા ધામોધામ થી સંતો પધાર્યા હતા. પ્રથમ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી નું પૂજન, અર્ચન કરવામા આવ્યું હતું. સભામાં જેતલપુરધામ થી સ.ગુ.શા.સ્વા. પુરૂષોત્તમપ્રકાશદાસજી, ધોળકા થી સ.ગુ.શા. પૂર્ણપ્રકાશદાસજી, સ.ગુ.શા.સ્વા. ભક્તિવલ્લભદાસજી, કલોલ થી સ્વામી વિશ્વપ્રકાશદાસજી, કાલુપુર થી શા.જે.કે. સ્વામી આદિ સંતો એ પ્રવચનો દ્વારા ભગવાન નરનારાયણદેવ નો મહિમા સમજાવ્યો હતો. અંતે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા ભક્તજનોને નિયમ, નિશ્ચય, પક્ષ રાખી ભગવાન ભજવામાં ખટકો રાખવાની વાત કરી ને રસ તરબોળ કર્યા હતા. છેલ્લે મહાપ્રસાદ લઈને ભકતોએ જીવન ધન્ય બનાવ્યું હતું.પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતો ત્યાંથી બાજુના ગામ નવાગામ માં પધરામણી કરી ને ત્યાં ના ભક્તોને પણ રાજી કર્યા હતા. આ સમગ્ર પ્રસંગનું આયોજન નવાગામ,સિંઘાલીના ગામ ગુરૂ એવા સ.ગુ.રામસ્વામી (રંગમહોલના પૂજારીશ્રી) એ કર્યું હતું.

સમગ્ર મહોત્સવમાં સ્વયં સેવક યુવાનોની સેવા ખૂબજ પ્રેરણાદાયી હતી. (સાધુ વિશ્વપ્રકાશદાસજી, જેતલપુરધામ)

**શ્રીપ્રભા હનુમાનજી મહારાજ નો વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ**

પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી આદિ આચાર્ય

અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી એ પધરાવેલ પ્રભા હનુમાનજી મહારાજ જમીયતપુરા નો વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ પોષ સુદ પૂનમના તા. ૨૪-૧- ૨૦૧૩ થી ૨૮-૧-૨૦૧૩ સુધી ભવ્યતા પૂર્વક ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે પંચદિનાત્મક શ્રીમદ્ ભાગવત એકાદશ સ્કંધ ની કથા પારાયણ નું આયોજન કરવામાં આવ્યું હતું.જેના વક્તા પદે સ.ગુ.શા. ઘનશ્યામપ્રકાશદાસજી (જમીયતપુરાવાળા)એ બિરાજી પોતાની આગવી શૈલી માં સંગીતસુરાવલી માં કથાનું રસપાન કરાવ્યું હતું.આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પ્રથમ દિવસે પધારી આશીર્વાદ પાઠવ્યા હતા. અને ''અમદાવાદ દેશના સારંગપુર એટલે જમીયતપુરા પ્રભાહનુમાનજી મંદિર એમ કહ્યું હતું''.તા. ૨૫-૧-૧૩ ના પ.પૂ. મોટા ગાદીવાળા બાશ્રી પધાર્યા હતા. બપોરે સમૂહ સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૨૭-૧ ના મહા મારૂતિયજ્ઞ નો પ્રારંભ થયો હતો. તા. ૨૮-૧ પૂનમ ના રોજ હનુમાનજી મહારાજ નો મહાઅભિષેક કરવામાં આવ્યો હતો, હરિમંદિરમાં ઠાકોરજીની ષોડશો ઉપચારથી મહાપૂજા કરવામાં આવી હતી. ત્યાર બાદ અન્નકુટ આરતી કરી મારૂતિયજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.ભવ્ય દિવ્ય શાકોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો.મારૂતિ સભા મંડપમાં કથાની ની પૂર્ણાહુતિ સ.ગુ.શા. સ્વામી શ્રી આત્મપ્રકાશદાસજી (જેતલપુરધામ મહંત) તથા યજમાન પરિવાર દ્વારા કરવામાં આવી હતી.આ પ્રસંગે ધામોધામથી સંતો મહંતો પધાર્યા હતા.જેતલપુરધામ, મુળી, ગઢપુર, હિંમતનગર, ઈડર, વાલી, કાલુપુર આદિ થી પધારેલા સંતોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. યજમાનશ્રીઓ નું સન્માન કરવામાં આવ્યું હતું. અંતે શાકોત્સવ તથા પાટોત્સવનો પ્રસાદ મોટી સંખ્યાંમા ભક્તજનોએ ગ્રહણ કર્યો હતો ને જીવન ધન્ય બનાવ્યું હતું. સેવાભાવી હરિભક્તોની સેવા ખૂબ મહત્વની રહી હતી. તો યુવકો ની સેવા ને પણ કેમ ભૂલી શકાય. સભા સંચાલન શા.ભક્તિનંદન સ્વામી (જેતલપુરધામ) તથા પ.ભ.ઘનશ્યામભાઈ પટેલે (ઉવારસદ) સંભાળ્યું હતું. સમગ્ર આયોજન ગવૈયા ચન્દ્રપ્રકાશ સ્વામી તથા નિલેશ ભગતે કર્યું હતું. (શા. વિજયપ્રકાશદાસજી, જમીયતપુરા)

### ઉવારસદ ગામે ઉજવાયો પ્રથમ વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ સમર્ગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી ની પ્રેરણા થી ઉવારસદ ગામમાં તેમજ સંપ્રદાયમાં એક વર્ષ પૂર્વે સર્વ પ્રથમ પ.પૂ. ભાવિ આચાર્ય મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી (લાલજી મહારાજશ્રી) એ પ્રતિષ્ઠા કરી ને સંપ્રદાયના ઈતિહાસમાં અમારા ગામ ઉવારસદને પ્રથમ નંબરે સ્થાન આપ્યું તે ગામ માં બિરાજતા સ્વામિનારાયણ મંદિર ભાઈઓ તથા બહેનો ના મંદિર ને એક વર્ષ પૂર્ણ થતા તેનો વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ તા.૧૨-૨-૨૦૧૩ થી ૧૬-૨-૨૦૧૩ ના રોજ ધામધૂમ થી ઉજવવામા આવ્યો હતો.આ પ્રસંગે પંચદિનાત્મક સત્સંગિભૂષણ કથા પારાયણ નું આયોજન કરવામાં આવ્યું. જેના વક્તા પદે સ.ગુ.શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીએ (પી.પી.સ્વામી-જેતલપુરધામ) બિરાજી પોતાની આગવી શૈલીમાં કથામૃતનું રસપાન કરાવ્યું હતું.કથા પ્રસંગે પ.પૂ. અ.સૌ.ગાદીવાળા બા શ્રી તથા પ.પૂ. મોટા ગાદીવાળા બાશ્રી એ પધારી ને બહેનોને દર્શન,આશીર્વાદ નું સુખ આપ્યું હતું. આ પ્રસંગે ધામોધામથી સંતો મહંતો પધાર્યા હતા. જેમાં જમીયતપુરા, જેતલપુર, કાલુપુર, ધોળકા, નારણપુરા, કાંકરિયા, માણસા, વિસનગર, મહેસાણા, કલોલ આદિથી પધાર્યા હતા.તેમજ ધામોધામથી સાં.યો.બહેનો પણ પધાર્યા હતા. કથાના સમાપન ના દિવસે તા. ૧૬-૨-૧૩ ના રોજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી નું ભવ્ય શોભાયાત્રા દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ બહેનોના મંદિર માં હરિકૃષ્ણ મહારાજ નો અભિષેક કરવામાં આવ્યો હતો. બંન્ને મંદિર માં અન્નકૂટ આરતી ઉતારી પ.પૂ. મહારાજશ્રી સભામાં પધાર્યા હતા. જ્યાં કથાની પૂર્ણાહુતિ, વક્તાશ્રી અને ગ્રંથરાજનું પૂજન પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એ કર્યુ હતું. પાટોત્સવ ના તથા કથાના યજમાનશ્રી દ્વારા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી નું પૂજન કરવામાં આવ્યું હતું.યજમાનશ્રીઓ નું સન્માન પણ પૂ. મહારાજશ્રી એ કર્યુ હતું. સંતો ના પ્રવચનો બાદ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ પાઠવ્યા હતા. આગામી બીજા પાટોત્સવ ની તથા બીજા ૧૨ વર્ષના પાટોત્સવની જાહેરાતો કરી ને યજમાનો ને પણ બિરદાવ્યા હતા.યુવક મંડળ ની સેવા પણ ખૂબજ પ્રસંશનીય હતી. જેની નોંધ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી એ પણ લીધી હતી.સમગ્ર સભાનું સંચાલન તથા આયોજન સ.ગુ.શા. ભક્તિનંદનસ્વામી (જેતલપુરધામ)એ કર્યું હતું.અંતમાં પ્રસાદ લઈ ભક્તોએ જીવન ને ધન્ય ભાગી બનાવ્યું હતું. (પ.ભ.ઘનશ્યામભાઈ પટેલ તથા ચિન્ટુ, હાર્દિક, શંભુ)

### બાકરોલ ગામે ઉજવાયો ચતુર્થ પ્રતિષ્ઠા તિથિ મહોત્સવ

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણા થી ગામ બાકરોલ માં બિરાજમાન ભગવાન સ્વામિનારાયણ, આદિ દેવોનો પાટોત્સવ તા. ૧૭-૨-૧૩ ના રોજ ધામધૂમથી ઉજવવામાં

આવ્યો હતો.ઠાકરોજી ની છાબ તથા શોભાયાત્રા આખા ગામ માં ફેરવવામાં આવી હતી અને વાજતે ગાજતે મંદિર માં આવી હતી.ત્યાર બાદ સભા માં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ ઉજવવામા આવ્યો હતો.ત્યારબાદ પધારેલા જેતલપુર, કાલુપુરના સંતોનું પૂજન કરવામાં આવ્યું હતું. યજમાનો તથા મહેમાનો નું સન્માન કરવામાં આવ્યું હતું.અંતમાં શા.ભક્તિનંદન સ્વામી (જેતલપુરધામ) એ કથા ના રૂપમાં આશીર્વાદ આપ્યા હતા. જેમા સ.ગુ. શ્યામચરણસ્વામી, સ.ગુ.ભક્તિવલ્લભ સ્વામી, સ.ગુ. હરિજીવનસ્વામી, સ.ગુ. બળદેવપ્રસાદ સ્વામી પધાર્યા હતા.અંતે સૌ ભક્તોએ મહાપ્રસાદ લઈ જીવન ધન્ય ભાગી બનાવ્યું હતું. (દિનેશભાઈ કેશાભાઈ પટેલ, ગોરધનભાઈ પટેલ બાકરોલ)

**કોચરબ-પાલડી માં સત્સંગ સભા**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણા થી ગામ કોચરબ-પાલડી અમદાવાદ માં તા.૧૭-૨-૧૩ ના રવિવારે સત્સંગ સભા નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેતલપુર થી શા.ભક્તિનંદન સ્વામી એ કથા-વાર્તા કરી સત્સંગી ભક્તોને જ્ઞાન સાથે ગમ્મત ની વાતો કરી નરનારાયણદેવ, ધર્મકુળના મહિમા ની વાતો કરી રાજી કર્યા હતા.સમગ્ર આયોજન શા. સ્વામી વિશ્વપ્રકાશદાસજી (કલોલ મહંતશ્રી)એ કર્યું હતું.

(સ.ગુ. વિશ્વપ્રકાશદાસજી (કલોલ-પંચવટી મહંતશ્રી)

**જેતલપુરધામ બહેનો ના મંદિર(હવેલી) માં ઉજવાયો દિવ્ય શાકોત્સવ**

પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ની આજ્ઞા થી એવમ સમગ્ર ધર્મકુળના આશીર્વાદ થી તથા જેતલપુરધામ ના મહંત સ્વામી શા. આત્મપ્રકાશદાસજી તથા સ.ગુ.શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી ની પ્રેરણા થી તથા બહેનોની હવેલી ના મહંત સાં.યો બચીબા તથા સાં.યો. નર્મદાબા ના માર્ગદર્શન તથા આયોજન હેઠળ ભવ્ય દિવ્ય મહા શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે અ.સૌ.ગાદીવાળાબાશ્રી પધાર્યા હતા. તેમના વરદ્ હસ્તે શાક નો વધાર કરવામાં આવ્યો હતો. કથા-કીર્તન-ભક્તિ નો પણ દિવ્ય કાર્યક્રમ ખૂબ જ સુંદર રીતે મહિલા મંડળ દ્વારા કરવામાં આવ્યો હતો.પ.પૂ. ગાદીવાળાશ્રી એ આ પ્રસંગે સુંદર આશીર્વાદમાં કહ્યું કે ''નૂતન બહેનો ના મંદિર નિર્માણમાં સેવા કરી ને રેવતી બળદેવજી હરિકૃષ્ણ મહારાજ નો રાજીપો મેળવી લેવો. કારણ કે રોકડીયા દેવ મળ્યા છે તેમ વાત કરી બળદેવજીના પરચાની વાતો પૂ.ગાદીવાળાશ્રી એ આશીર્વાદ માં કહી હતી''. સમગ્ર સાં.યો.બહેનો તથા મહિલા મંડળની બહેનો ની સેવા ખૂબ જ પ્રસંસનીય હતી. અંદાજે ૩૦૦ જેટલા બહેનોએ પ્રસાદ તથા દર્શન કરી જીવન ને ધન્ય બનાવ્યું હતું. (સાં.યો.વનિતાબા તથા સાં.યો. સંગીતાબા જેતલપુરધામ)

**ન્યુ રાણીપમાં ઉજવાયો ભવ્ય શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં અને સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ.શા. પી.પી. સ્વામીની (નારાયણઘાટ મહંતશ્રી) પ્રેરણા માર્ગદર્શનથી ન્યુ રાણીપ વિસ્તારમાં તા. ૫-૧-૨૦૧૩ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

આવો દિવ્ય શાકોત્સવ ન્યુ રાણીપ વિસ્તાર શ્રીનરનારાયણદેવ યુવક મંડળ તથા સર્વે હરિભક્તોના તન, મન અને ધનની સેવાથી ઉમંગ ભેર ઉજવાયો. આ પ્રસંગમાં પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા ત્યારે સર્વે હરિભક્તોએ અને યજમાનશ્રી દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું.

ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ સ્વહસ્તે અલૌકિક શાકનો વધાર કરીને ભક્તોને દર્શનનું મહા સુખ આપ્યું. છેલ્લે સૌ હરિભક્તોને પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા.

આ પ્રસંગમાં સ.ગુ. મહંત શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (કાલુપુર) સ્વા. બાલસ્વરૂપદાસજી, વ્રજ સ્વામી, દિવ્યપ્રકાશ સ્વામી, સગુ. સ્વામી ધર્મસ્વરૂપદાસજી અને શા. વિશ્વસ્વરૂપદાસજી આદિ સંતો પધાર્યા હતા. બૂટ ભવાની પાર્ટી પ્લોટમાં આયોજીત શાકોત્સવનો ૬ હજાર ભાવિક ભક્તોએ લાભ લઈ જીવન કૃતાર્થ કર્યું હતું.

(શા. સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી કોટેશ્વર ગુરુકુળ)

**ખેરોલ ગામે શાકોત્સવ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ખેરોલ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ દ્વારા તા. ૨૭-૧-૧૩ ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન થયું હતું.

પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકનો અદ્‌ભુત વધાર થયો હતો.

શાકોત્સવમાં ગામના અને આજુબાજુના ગામોના હરિભક્તોએ લાભ લીધો હતો. બહેનોની રોટલા બનાવવાની સુંદર સેવા હતી. સ.ગુ.શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજીએ સભામાં શાકોત્સવનો મહિમા સમજાવ્યો હતો. ત્યારબાદ પ.પૂ. મોટા મહારાજશ્રીએ યજમાનશ્રી અને સમસ્ત સભાને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

આ પ્રસંગે માધવ સ્વામી (પ્રાંતિજ), સુખનંદન સ્વામી,

વિશ્વસ્વરૂપ સ્વામી, માધવપ્રિય સ્વામી, શા. દિવ્યપ્રકાશદાસ સ્વામી અને યોગી સ્વામી આદિ સંતો પધાર્યા હતા.

સમગ્ર આયોજનના પ્રેરક, માર્ગદર્શક તથા સભા સંચાલન સ.ગુ.શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) રહ્યાં હતા. ગામના હરિભક્તો અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા પ્રેરણારૂપ હતી.

(શા.સ્વા. ચૈતન્યસ્વરૂપદાસજી, કોટેશ્વર ગુરુકુળ)

**ઘાટલોડિયા-ચાંદલોડિયા સોલા વિસ્તારમાં ચતુર્થ સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી યુનિક સીટી હોમ્સ (કોમન પ્લોટ) સોલામાં તા. ૧૦-૨-૧૩ ને રવિવારે સાંજે ૪-૩૦ થી ૭-૩૦ પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં અને સ.ગુ.શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) પ્રેરિત સભામાં શા.સ્વા. રામકૃષ્ણદાસજી (કોટેશ્વર ગુરુકુળ) શા.સ્વા. ચૈતન્ય સ્વામી, શા.સ્વા. માધવપ્રસાદદાસજી (નારાયણપુરા) આદિ સંતોની પ્રેરક વાણી અને પૂરવ પટેલ દ્વારા કીર્તન ભક્તિ થઈ હતી.

આજની સભાના યજમાન શ્રી કનુભાઈ બી. પટેલ, શ્રી જયેશભાઈ જી. પટેલ, શ્રી નટુભાઈ પટેલ અને શ્રી વિનુભાઈ પટેલ રહ્યાં હતાં.

દર રવિવાર અને દર અગિયારસના રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ નિયમિત સભા થાય છે. વસંત પંચમીના શિક્ષાપત્રી જયંતી નિમિત્તે શિક્ષાપત્રીના સમૂહ પાઠ કર્યા હતા. શિક્ષાપત્રીનું પૂજન કરી કાન્તાબેન પટેલે આરતી ઉતારી હતી.

સભા સ્થળ : શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ સત્સંગ મંડળ (ઘાટલોડિયા-ચાંદલોડિયા-સોલા વિસ્તાર), ગણેશ પાર્ક કોમ્પલેક્ષ વિ-૧, આઈ.ડી. પટેલ સ્કુલ રોડ, ઘાટલોડિયા, અમદાવાદ, રમેશભાઈ પટેલ : ૯૫૮૬૪૨૨૬૦૧.

**અક્ષરમુક્ત વજીબાના વિજાપુર ધામે ઉજવાયો પ્રથમ શાકોત્સવ**

સર્વોપરિ શ્રીહરિની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અને સ.ગુ. સ્વામી દેવપ્રકાશદાસજી તથા સ.ગુ.શા.પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ની પ્રેરણાથી મુક્તરાજ વજીબાના પ્રસાદીભુત વિજાપુર ગામે જ્યાં શ્રીહરિના ૧૧ વખત દિવ્ય ચરણોથી પુણ્ય શાળી પવિત્ર ભૂમિમાં તા. ૧૦-૨-૧૩ રવિવારના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને પોતાના વરદ્ હસ્તે શાકોત્સવનો વધાર કરી યજમાન પરિવારનું સન્માન કરી આશીર્વાદ આપ્યા હતા.

શાકોત્સવ પ્રસંગમાં બાલવા, વિસનગર, ગોજારીયા અને કાંઠા વિસ્તારના ગામોમાંથી દશ હજાર ઉપરાંત હરિભક્તોએ લાભ લીધો હતો.

પ્રાસંગિક સભામાં શા.સ્વા. રામકૃષ્ણદાસજી, શા. ચૈતન્ય સ્વામી (કોટેશ્વર ગુરુકુળ), શા. ઉત્તમપ્રિય સ્વામી (ભુજ) આદિ સંતોએ અમૃતવાણીનો લાભ આપેલ.

છેલ્લે પ.પૂ. મોટા મહારાજશ્રીએ ખૂબજ રાજી થઈ આવા પ્રસાદીના ગામમાં વજીબાની સ્મૃતિમાં સુંદર મંદિર નિર્માણ થાય તેવા સંકલ્પ સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. સભા સંચાલનમાં સ.ગુ.શા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી) રહ્યાં હતાં.

અ.મૂ. વજીબાના પ્રસાદીની જગ્યા પર સ્મૃતિ મંદિરનું નિર્માણ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શા.સ્વા. પી.પી. સ્વામી (નારાયણઘાટ મહંતશ્રી)ના માર્ગદર્શન મુજબ શ્રી પોપટભાઈ પટેલ અને કમિટીના સભ્યો સંભાળી રહ્યાં છે.

(મહેન્દ્રભાઈ પટેલ, હિરાવાડી)

